# વિકલાંગતા વિશે સમજ

## સામાજિક સમાવેશ માટે વલણ અને વર્તનમાં પરિવર્તન



## વિકલાંગતા વિશે સમજ:
## સામાજિક સમાવેશ માટે વલણ અને વર્તનમાં પરિવર્તન


| | | |
|---|---|---|
| તૈયાર કરનાર | : | ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન અને હેન્ડિકેપ ઈન્ટરનેશનલ |
| પ્રથમ આવૃત્તિ | : | ૨૦૦૪. |
| નકલ | : | ૨૫૦ |
| રૂપાંતર | : | હેમન્તકુમાર શાહ |
| ચિત્રો | : | સતપાલસિંહ, રણજિત બાલામુચુ |
| લેઆઉટ અને ડિઝાઈન | : | રાજેશ પટેલ |
| મુદ્રક | : | બંસીધર ઓફસેટ, અમદાવાદ. |

**વિનંતીથી મોટા પોઈન્ટમાં આ પુસ્તિકા મળી શકશે.**



પૂર્વ મંજૂરી વિના પુસ્તિકાના કોઈ પણ ભાગની નકલ કરી શકાશે, તેનું પુનર્મુદ્રણ કરી શકાશે, ફોટોકોપી કરી શકાશે કે તેનું ભાષાંતર કરી શકાશે, પરંતુ પ્રકાશકનો યોગ્ય ઋણસ્વીકાર જરૂરી છે.



## ઋણ સ્વીકાર

અહીં જે સંશોધન અભ્યાસ પ્રકાશિત કરાયો છે તે **ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન** અને **હેન્ડિકેપ ઈન્ટરનેશનલ** દ્વારા ગુજરાતના અમદાવાદ, સાબરકાંઠા, પાટણ અને વડોદરા એમ ચાર જિલ્લામાં ૧૩ સ્થાનિક સહભાગી સંગઠનોના સહયોગ સાથે હાથ ધરાયો હતો. જેમણે પોતાનાં મૂલ્યવાન સમય, સૂચનો અને પ્રયત્નો આપ્યાં છે તે સૌનો અમે નિષ્ઠાપૂર્વક આભાર માનીએ છીએ અને તેમના પ્રત્યે ઋણસ્વીકાર કરીએ છીએ.

અલાહાબાદ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના પ્રો. અજિત દલાલ અને કન્સલ્ટન્ટ ડો. માયા થોમસનો આ અભ્યાસની ડિઝાઈન તૈયાર કરવામાં જ નહિ પણ સંશોધનની સમગ્ર પ્રક્રિયામાં તેમણે આપેલા અમૂલ્ય ટેકા અને માર્ગદર્શન બદલ અમે વિશેષ આભાર વ્યક્ત કરીએ છીએ. ઉન્નતિના સહકાર્યકરો અરિન્દમ મિત્રા, અમૃત રાઠોડ, હિતેન્દ્ર ચૌહાણ અને સ્વાતિ સિન્હા તથા હેન્ડિકેપ ઈન્ટરનેશનલના સોનિયા લોકુ, સ્નેહલ સોનેજી અને હેતલ ઠાકરે આ અભ્યાસ પ્રક્રિયામાં યોગદાન આપ્યું છે તેઓનો પણ આભાર માનીએ છીએ. આ સંગઠનોની સામેલગીરી અને તેમના ક્ષેત્રીય વિસ્તારોમાં અભ્યાસની પ્રક્રિયાને માટે સવલત ઊભી કરવાના તેમના પ્રયાસો વિના આ અભ્યાસ શક્ય બન્યો ના હોત. જ્યાં આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો એ સમુદાયોના સભ્યોએ અમને જે સમય આપ્યો અને તેમણે જે રસ દાખવ્યો તેમનો પણ અમે નિષ્ઠાપૂર્વક ઋણસ્વીકાર કરીએ છીએ. તેણે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સ્થિતિ, તેમના સમાવેશ માટેનાં કારણો અને સમાજમાં તેમના સમાવેશને પ્રોત્સાહન આપી શકે તેવાં પરિબળો કે પગલાં વિશે સામૂહિક સમજ વિકસાવવામાં ફાળો આપ્યો છે.

# વિકલાંગતા વિશે સમજ: સામાજિક સમાવેશ માટે વલણ અને વર્તનમાં પરિવર્તન

# અનુક્રમણિકા


**પ્રસ્તાવના**

**સહભાગી સંગઠનોની યાદી**

**સારાંશ** **૦૧**

**૧. પૂર્વભૂમિકા** **૦૫**

**૨. અભ્યાસની પદ્ધતિ અને પ્રક્રિયા** **૧૦**

૨.૧ પદ્ધતિ

૨.૨ સમાવેશી સામાજિક તપાસઃ પડકારો

**૩. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નડતા અવરોધો** **૧૮**

૩.૧ વિકલાંગતાનાં પ્રકારો અને કારણો

૩.૨ સામાજિક કાર્યો અને જરૂરિયાતો

૩.૩ આર્થિક પ્રવૃત્તિઓ

૩.૪ વિશિષ્ટ જરૂરિયાતો

૩.૫ સેવાઓની પ્રાપ્તિ

૩.૬ સામાજિક અને વલણલક્ષી અવરોધો

૩.૭ કૌશલ્ય અને શક્તિની પિછાણ

**૪. ભાવિ પગલાં** **૩૫**

# પ્રસ્તાવના

ગુજરાતમાં આવેલા ભૂકંપ બાદ પુનર્વસન અંગેનું કાર્ય કરતાં 'ઉન્નતિ-વિકાસ શિક્ષણ સંગઠન' અને 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'ને એ બરાબર સમજાયું કે ખાસ કરીને અનાથ બાળકો, એકાકી મહિલાઓ, વિધવાઓ અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ જેવાં અસહાય જૂથોની જરૂરિયાતો કઈ કઈ છે કે જેમણે પુનર્વસનની પ્રક્રિયામાં પોતાના સમાવેશ માટે ભારે જહેમત ઉઠાવી હતી. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં પરિવારો વધારે અસહાય બન્યાં હતાં.

આ પુસ્તિકા અસહાયતા ઘટાડવા અંગેના 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'ના અને 'ઉન્નતિ'ના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે. વિકાસની મુખ્ય પ્રવાહની પ્રક્રિયામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશમાં નાગરિક સમાજની સહભાગિતા ઊભી કરવાનો તેનો હેતુ છે. તેમાં એવી ધારણા હતી કે અભિમુખ અને સંવેદનશીલ નાગરિક સમાજ વિકાસની પ્રક્રિયામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સહભાગિતા વધારવા માટે અને તેમની સાથે સંબંધ ધરાવતી પ્રશ્નો વિશેની નિર્ણય પ્રક્રિયામાં તેમને સામેલ કરવા માટે સક્ષમ બનાવવા માટેનું વાતાવરણ ઊભું કરશે.

ગુજરાતના અમદાવાદ, સાબરકાંઠા, પાટણ અને વડોદરા એમ ચાર જિલ્લામાં એપ્રિલ-૨૦૦૨થી સહભાગી કાર્ય સંશોધનની શરૂઆત થઈ. જાન્યુઆરી-૨૦૦૩થી એપ્રિલ-૨૦૦૪ના નવ માસના ગાળા દરમ્યાન સ્થાનિક બિન-સરકારી સંગઠનોની ભાગીદારી સાથે એ પ્રક્રિયા ચાલી. અભ્યાસની સાથે સાથે તાલીમ, કાર્યશાળાઓ અને શૈક્ષણિક સામગ્રીની તૈયારી સહિતની બીજી અનેક પ્રવૃત્તિઓ સહભાગી સંગઠનોને અભિમુખ બનાવવા માટે અને સમુદાયને સંવેદનશીલ બનાવવા માટે હાથ ધરવામાં આવી. આ અહેવાલ આ પ્રક્રિયા તેમ જ અભ્યાસનાં ચાવીરૂપ તારણો રજૂ કરે છે. અભ્યાસની પ્રક્રિયાએ પોતે જ નાગરિક સમાજને સંવેદનશીલ બનાવવા માટેની ઝુંબેશને જન્મ આપ્યો.

અમને આશા છે કે અભ્યાસનાં તારણો જેઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે કામ કરવા ઈચ્છે છે તેમનામાં તેમને વિશેનાં સંદર્ભ અને પરિસ્થિતિ વિશેની સમજ વધારશે. અમને એવી પણ આશા છે કે આ અહેવાલ એવા પ્રયાસોને પ્રોત્સાહન પૂરું પાડશે કે જે વિકાસની પ્રક્રિયાઓમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશ માટેનું સક્ષમ વાતાવરણ ઊભું કરશે અને સમાજમાં અનેક જૂથોને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે કામ કરવા અને યોગદાન આપવા પ્રેરણા આપશે.

શંખરૂપા દામલે અને અર્ચના શ્રીવાસ્તવ દ્વારા તૈયાર કરાયેલી ક્ષેત્રીય નોંધોને આધારે એલિસ મોરિસ, ગીતા શર્મા અને દીપા સોનપાલ દ્વારા આ અહેવાલ તૈયાર કરાયો છે.

| | |
|---|---|
| બિનોય આચાર્ય | અલાના ઓફિસર |
| નિયામક, | નિયામક-ભારત |
| ઉન્નતિ | હેન્ડિકેપ ઇન્ટરનેશનલ |

# સહભાગી સંગઠનોની યાદી

**અમદાવાદ સ્ટડી એકશન ગ્રૂપ**
હસનઅલી સ્કૂલ સામે, ખોડિયાર ચોક, ધોળકા, જિઃ અમદાવાદ-૩૮૭ ૮૧૦.

**ભણસાલી ટ્રસ્ટ**
હાઈવે ચાર રસ્તા, રાધનપુર, જિ. પાટણ-૩૮૫ ૩૫૦.

**ગ્રામ વિકાસ સેવા ટ્રસ્ટ**
ખરીદ-વેચાણ સંઘ, પહેલે માળે, એસ. ટી. રોડ, ઈડર, સાબરકાંઠા- ૩૮૩ ૪૩૦.

**લોકસેવા યુવા ટ્રસ્ટ**
દરામલી, તાલુકોઃ ઈડર, સાબરકાંઠા- ૩૮૩ ૧૧૦.

**સમાજકાર્ય વિભાગ**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, ફતેગંજ પોસ્ટ ઓફિસ સામે, વડોદરા-૩૯૦ ૦૦૨.

**પરખ ટ્રસ્ટ**
આંબાવાડી વિસ્તાર, કચ્છી સમાજ વાડી પાછળ, બંગલા નં. ૧૨ પાસે, રેલવે સ્ટેશન સામે,
હિંમતનગર, સાબરકાંઠા-૩૮૩ ૦૦૧.

**રૂરલ ડેવલપમેન્ટ સોસાયટી**
મુ.પો. ઝીંઝવા, તાઃ પ્રાંતિજ, જિઃ સાબરકાંઠા

**સાથ ચેરીટેબલ ટ્રસ્ટ**
૧૦૨, નંદનવન- ૫, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૫૧.

**સર્વોદય મહિલા જાગૃતિ સેવા ટ્રસ્ટ**
મુ.પો. તાઃ વડાલી, સાબરકાંઠા-૩૮૩ ૨૩૫.

**શ્રી આંબેડકર એજ્યુકેશન ટ્રસ્ટ**
મુ. કુમ્પ, પોઃ જાંબુડી, તાઃ હિંમતનગર, સાબરકાંઠા- ૩૮૩ ૦૦૧.

**શ્રમિક વિકાસ સેવા સંસ્થા**
તાલુકા પંચાયત ઓફિસની સામે, ભિલોડા, સાબરકાંઠા-૩૮૩ ૨૪૫.

**વિકાસ જ્યોત ટ્રસ્ટ**
નાગરવાડા ચાર રસ્તા, વડોદરા-૩૯૦ ૦૦૧.

**વિનોબા ભાવે સેવા સંસ્થાન**
સેક્ટર ૨/ ૭૬, સમય, મહાકાળી કાકનોલ રોડ, ગાયત્રી મંદિર વિસ્તાર, હિંમતનગર- ૩૮૩૦૦૧.

# સારાંશ

ભારતમાં વિકલાંગતા ધરાવતા લોકો અને ખાસ કરીને જેઓ ગરીબ પણ છે તેઓ ભારે સામાજિક બાદબાકીનો ભોગ બને છે. તે સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય એમ જીવનનાં તમામ ક્ષેત્રોમાં તેમની સહભાગિતાને મર્યાદિત કરે છે અને તે તેમના અધિકારોના ભંગમાં પરિણમે છે. વિકલાંગતા ધરાવતી મહિલાઓ બે રીતે ભેદભાવનો ભોગ બને છે: એક તો વિકલાંગતાને કારણે અને બીજું, સ્ત્રી-પુરુષ ભેદભાવના કારણે.

તેમ છતાં, ભારતમાં જે માહિતીનાં સ્રોતો છે તે આ બાદબાકીનું ખૂબ જ મર્યાદિત ચિત્ર રજૂ કરે છે. દા.ત વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા)- ૧૯૯૫ નામક કાયદામાં વિકલાંગતાની જે વ્યાખ્યા સ્વીકારવામાં આવી છે* તે માત્ર આ સાત પ્રકારની વિકલાંગતાને જ માન્ય રાખે છે: અંધત્વ, ઓછી દ્દષ્ટિ, રક્તપીત્તથી સાજા થયેલા વ્યક્તિઓ, શ્રવણશક્તિમાં ખામી, હલનચલનની અક્ષમતા, મંદ બુદ્ધિ અને માનસિક બીમારી. તે હિમોફિલિયા અને એઈડ્સ જેવી બીજા ઘણા પ્રકારની વિકલાંગતાને સ્પર્શતો નથી. વિકલાંગતા વિશેની સમજમાં આ ફેર હોવાને લીધે જ ભારતમાં તેની સાથે સંકળાયેલી અનેક સમસ્યાઓની શરૂઆત થાય છે.

**સહભાગી સંશોધન અને કાર્યલક્ષી અભ્યાસ**

૨૦૦૩માં 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન' અને 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'એ ૧૩ સ્થાનિક સંગઠનો સાથેની ભાગીદારીમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં જરૂરિયાતો, શક્તિઓ, અધિકારો અને આકાંક્ષાઓ તેમ જ તેમના પ્રત્યેના સમુદાયનાં વલણો, માન્યતાઓ અને વર્તન વિશેની સામૂહિક સમજ ઊભી કરવા માટે એક સહભાગી સંશોધન અને કાર્યલક્ષી અભ્યાસ હાથ ધરવાનું વિચાર્યું હતું. તેણે વિકાસલક્ષી હિતધારકો તેમની ચાલુ પ્રવૃત્તિઓમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશને પ્રોત્સાહન આપવાની ટેકારૂપ ભૂમિકા કેવી રીતે ભજવી શકે તે પણ તપાસ્યું. વિકલાંગતા ધરાવતા લોકોને મુખ્ય પ્રવાહમાં લાવવામાં નાગરિક સમાજની સહભાગિતાને પ્રોત્સાહન આપવા માટેના એકંદર પ્રયાસોમાં આ અભ્યાસ પૂરક બને છે.

વિકલાંગતા ધરાવતા લોકોનાં પોતાનાં મંતવ્યો મેળવવા માટે એક નવતર અભિગમ અપનાવવામાં આવ્યો. દા.ત. સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન (પીઆરએ). આ અભ્યાસ ગુજરાતના ચાર જિલ્લાઓ- અમદાવાદ, સાબરકાંઠા, પાટણ અને વડોદરા-નાં ૫૫ ગામો અને ૮ શહેરી ઝૂંપડપટ્ટી વિસ્તારોના ૧૧૫૪ વિકલાંગોના અવાજનું પ્રતિબિંબ પાડે છે. મોટા ભાગના

* વિકલાંગતા ધરાવતી વ્યક્તિ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો - ૧૯૯૫

સમુદાયોમાં આ અભ્યાસે પહેલી જ વાર એક સમાન મંચ પર આવીને વિકલાંગ લોકોને સામાન્ય સમુદાય સાથે વાતચીત કરવાની તક પૂરી પાડી છે.

આ અભ્યાસમાં નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે:

- અભ્યાસ હાથ ધરવા માટે ૧૩ સહયોગી સંગઠનોની ક્ષમતા વધારવી. (નિયમાવલી, પ્રશ્નાવલી અને નિદર્શનો કરવાં તેમ જ ગરીબી અને વિકલાંગતા વચ્ચેનો ગાઢ સંબંધ તપાસવો.)
- તમામ ચર્ચાઓમાં મહિલાઓને સામેલ કરવી (જો તેઓ મોટા જૂથમાં મોકળા મને વાત કરી શકે તેમ ન હોય તો, મહિલાઓ સાથે અલગ વિશિષ્ટ જૂથ ચર્ચા કરવી.)
- ચર્ચાઓમાં સમુદાયના તમામ હિતધારકોને અને ખાસ કરીને જેઓ વિકાસની પ્રક્રિયામાં વિકલાંગ લોકોની વધુ સહભાગિતા ઉપર અસર કરી શકે તેવી સ્થિતિમાં છે તેઓને સામેલ કરવા.
- પડકારોને પિછાણવા. (આ અભ્યાસની પ્રક્રિયામાં સામેલ થનારા વિકલાંગોને કોઈ કાયમી લાભ આ અભ્યાસ કરી આપતો નથી.)

## તારણોનો સારાંશ

### ભારે બાદબાકી

એકંદરે અભ્યાસમાં એમ જણાયું છે કે પહોંચ ન હોવી, ગરીબી અને કલંકનાં કારણોસર વિકલાંગોને તેમનું જીવન એકાંત અને અલગાવમાં પસાર કરવાની ફરજ પાડવામાં આવે છે. તેમનાં જરૂરિયાતો, આકાંક્ષાઓ અને શક્તિઓ છુપાયેલાં રહે છે કારણ કે વ્યાપક સમુદાય સાથે સંવાદની તક તેમને મળતી નથી. તેને પરિણામે સમુદાયને પણ વિકલાંગ લોકો સાથે કેવી રીતે સંબંધ રાખવો તેની ખબર પડતી નથી.

### હલનચલન, પહોંચ અને સામાજિક સહભાગિતા

ભૌતિક વાતાવરણમાં અવરોધો હોવાને લીધે અને મિત્રો અને સગાંઓ પર આધારિત હોવાને લીધે તમામ વિકલાંગો માટે હલનચલન મર્યાદિત થઈ જતું હતું. સગાંઓ કે મિત્રો પણ હંમેશાં તેમને મદદ કરવા હાજર નથી હોતા. તેઓ સામાજિક મર્યાદા પણ એ બાબતમાં અનુભવે છે. દા.ત. વિકલાંગોને લગ્ન જેવા સામાજિક પ્રસંગોમાં હાજરી આપતા રોકવામાં આવે છે, પરંતુ તેમને ધાર્મિક પ્રસંગોમાં હાજરી આપતા રોકવામાં આવતા નથી. વિકલાંગ મહિલાઓ અને તેમનાં પરિવારો આપમેળે બહાર જતાં ખૂબ જ અસલામતીની લાગણી અનુભવે છે અને તેથી તેમનું હલનચલન વધારે મર્યાદિત બની જાય છે.

**માહિતીનો નકશો:** સર્વેક્ષણ હેઠળના નમૂનામાં ૬૦ ટકા પુરુષો અને ૪૦ ટકા સ્ત્રીઓ છે. સૌથી વધારે વિકલાંગો ૬થી ૧૮ના વય જૂથમાં જોવા મળ્યા છે. તેમાંના ૫૪ ટકાને જન્મથી જ વિકલાંગતા હતી. સર્વેક્ષણ દરમ્યાન શારીરિક વિકલાંગતા ધરાવનારા ૬૨ ટકા નજરે પડ્યા છે.

## કૌટુંબિક જીવન

વધારે વિકલાંગ પુરુષો પરણેલા છે અને કેટલાક તો સામાન્ય જીવનસાથી મેળવી શક્યા છે. બીજી તરફ વિકલાંગ મહિલાઓ ઘણી વાર એકાકી છે અથવા તો વિકલાંગ પુરુષ સાથે જ પરણેલી છે.

## પુનર્વસનની જરૂરિયાતો અને સેવાઓ

અભ્યાસ એમ દર્શાવે છે કે વિકલાંગ લોકોની જરૂરિયાતો સામાન્ય લોકોની જરૂરિયાતો જેવી જ હોય છે. દા.ત. ગરીબી વિશેનો તેમનો અનુભવ અન્ય સામાન્ય લોકો જેવો જ છે અને તેઓ એ જ રીતે ગરીબી ઘટાડવા માગે છે. જો કે, વધુમાં તેમની પુનર્વસનની જરૂરિયાતો હોય છે. જેમ કે, સાધનોની જરૂરિયાત, કે જેથી તેઓ તેમની ખામીની અસરો દૂર કરી શકે. આ બાબત તેમના ઉપર બમણો બોજો લાદે છે.

## જાહેર આરોગ્ય સેવાઓ

અપૂરતી પ્રાથમિક આરોગ્ય સંભાળ સેવાઓ વિકલાંગો માટે આરોગ્યનું જોખમ વધારે છે. અભ્યાસ એમ દર્શાવે છે કે ૨૭ ટકા વિકલાંગોની વિકલાંગતા એ ખાસ કરીને ગામમાં પૂરી પાડવામાં આવતી આરોગ્ય સેવાઓ અપૂરતી અને ખરાબ છે તેને લીધે છે. તબીબી વ્યવસાયીઓ વિકલાંગતાની વહેલી ઓળખ અને સારવાર બાબતે પર્યાપ્ત માત્રામાં તાલીમબદ્ધ હોતા નથી. ખાસ કરીને માનસિક બીમારી અને મંદબુદ્ધિના કિસ્સામાં તો આમ જ બને છે. ઉપરાંત, આરોગ્ય સેવાઓની પ્રાપ્તિ અને પરિવહન, યોગ્ય રસ્તા, ટેલિફોન બૂથ વગેરે જેવી અન્ય પાયાની સેવાઓની પ્રાપ્તિ મર્યાદિત છે અને તેથી તેમને માટે તબીબી સારવાર માટે નજીકના નગરમાં જવાનું પણ લગભગ અશક્ય બની જાય છે.

## અધિકારોની પ્રાપ્તિ

એકંદરે સર્વેક્ષણ હેઠળના વિસ્તારમાં વિકલાંગોમાં અધિકારો વિશેની જાગૃતિ ખૂબ જ ઓછી છે. લગભગ ૩૦ ટકા પાસે તો વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર પણ નથી. રાજ્ય તરફથી સેવાઓ અને લાભો મેળવવા માટે તો તે પૂર્વ શરત છે. તેમણે ભૌતિક અવરોધો અને કંટાળાજનક કાર્યવાહીમાં આ સેવાઓ મેળવતાં તેમને રોકે છે એમ તેમણે જણાવ્યું હતું.

## જીવનનિર્વાહ

અભ્યાસ એમ દર્શાવે છે કે ૧૮થી ૪૫ વર્ષની વયના જૂથમાં એટલે કે કમાણી કરવાની ઉંમર દરમ્યાન ૯૩ ટકા વિકલાંગોને કોઈ આવક સર્જનની પ્રવૃત્તિ માટે તાલીમ મળી નથી. તેમની પાસે ટોપલીઓ બનાવવી, વણાટકામ, ભરતકામ વગેરે જેવાં પરંપરાગત કામોની કુશળતા છે તેમ છતાં તેઓ તેમની નાણાકીય જરૂરિયાતોને પહોંચી વળતા નથી. ૮૪ ટકા વિકલાંગ મહિલાઓ ઘરેલૂ કામ તથા ખેતી કે સીવણકામ કરતી નજરે પડી છે.

### શિક્ષણ
વિકલાંગ બાળકોમાં શાળા અધવચ્ચે છોડી જવાનું પ્રમાણ ખૂબ જ ઊંચું છે. વિકલાંગ છોકરીઓમાં તો તે પ્રમાણ વિકલાંગ છોકરાઓ કરતાં વધારે છે. તેમનું શોષણ થવાની સંભાવનાઓ, જાજરૂની સવલતનો અભાવ તથા છોકરીઓના શિક્ષણ પાછળ ખર્ચ કરવાની જરૂર નથી તેવી સામાજિક માન્યતા વગેરે જેવાં કારણો તેમાં અગત્યની ભૂમિકા ભજવે છે.

### વિકલાંગોને મુખ્ય પ્રવાહમાં લાવવા
અભ્યાસમાં એમ જણાયું છે કે પરિવાર, મિત્રો, સમાજ જેવા અન્ય લોકોનાં વલણો અને વર્તન વિકલાંગ વ્યક્તિઓની સમાજમાંની સહભાગિતા આડેના અવરોધો બની શકે છે. એટલું જ મહત્ત્વનું એ છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પોતે પોતાની જાતને કેવી રીતે જુએ છે. બંને બાજુ વિધાયક વલણ હોય તો તે આત્મવિશ્વાસ ઊભો કરી શકે છે અને સમાજ તેમને ટેકો પૂરો પાડી શકે, તેઓ તે ટેકો મેળવી શકે અને એકંદરે સમગ્ર સમાજના જીવનની ગુણવત્તા સુધરી શકે.

આ સહભાગી સંશોધન અને કાર્યલક્ષી અભ્યાસે એક એવી પ્રક્રિયા માટે માર્ગ મોકળો કર્યો કે જેથી સમુદાયનાં વિકલાંગો પ્રત્યેનાં વલણો વિશે ખુલ્લંખુલ્લા ચર્ચા થઈ અને વિવિધ હિતધારકોએ તેમની પ્રવૃત્તિઓમાં તેમના સમાવેશ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. તેમના સમાવેશ માટેનું આ પ્રથમ પગલું હતું. ૭૫ ટકા ગામોમાં સરપંચે ગ્રામ સભામાં તેમનો સમાવેશ કરવાની તૈયારી બતાવી અને કહ્યું કે તેઓ તેમની વિશિષ્ટ જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટેની જવાબદારી અદા કરશે. યુવક મંડળો, સહકારી મંડળીઓ, સમુદાય-આધારિત સંગઠનો અને સ્વસહાય જૂથો જેવી ગામોની અન્ય સંસ્થાઓએ પણ ખાસ કરીને તેમને વિકલાંગતાનું પ્રમાણપત્ર મળે તે માટેની કાર્યવાહી કરવામાં રસ દર્શાવ્યો.

અભ્યાસે સ્પષ્ટપણે એમ દર્શાવ્યું છે કે સામાન્ય લોકો વિકલાંગ લોકોની સમસ્યાઓ વિશે માત્ર સંવેદનશીલ જ નથી હોતા, પરંતુ તેમના વિશે અજ્ઞાન પણ પ્રવર્તે છે. તેથી તેઓ યોગ્ય પ્રમાણમાં જે કંઈ કરી શકે તે પણ કરી શકતા નથી. આ પ્રશ્નો વિશે વધુ જાગૃતિ આવી અને સમાજમાં તેમની સહભાગિતાને પ્રોત્સાહન આપવા માટેની તેમની તૈયારી ઊભી થઈ. તેથી વિશ્વાસ ઊભો થાય અને વિધાયક વલણો જન્મે એ વિકલાંગોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેના કોઈ પણ પ્રયાસોનું આરંભબિંદુ છે.

# ૧. પૂર્વભૂમિકા

વિકલાંગતા ધરાવતી વ્યક્તિ એ છે કે જે રોગ, જનીન પરિબળો, આઘાત, અપોષણ કે અકસ્માતને કારણે શારીરિક અને/અથવા માનસિક ક્ષતિ ધરાવે છે. પરંતુ વિકલાંગતા એ કોઈ એક વ્યક્તિ માટેનો માત્ર આરોગ્યનો પ્રશ્ન નથી. તેના વિશિષ્ટ સામાજિક સૂચિતાર્થો પણ છે. વિકલાંગતા એ વ્યક્તિની શારીરિક, બૌદ્ધિક અથવા માનસિક સ્થિતિ અને સામાજિક પર્યાવરણમાંથી ઊભી થતી કાર્યગત મર્યાદાઓ વચ્ચેના જટિલ આંતરસંબંધોનું પરિણામ છે. તેનાં ઘણાં પાસાં છે અને તે ઘણી વાર સામાજિક બાદબાકી તથા ગરીબીને લીધે વધતી અસહાયતા સાથે સંકળાયેલાં છે.

પરંપરાગત રીતે વિકલાંગતાને આરોગ્યનો અને કલ્યાણનો પ્રશ્ન ગણવામાં આવતો રહ્યો છે અને આરોગ્ય ક્ષેત્રના અધિકારીઓ અથવા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના શારીરિક પુનર્વસનમાં કુશળતા ધરાવતી વ્યક્તિઓ પર તે છોડી દેવાતો રહ્યો છે. 'કલ્યાણલક્ષી જોગવાઈ' જેવા શબ્દો જ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સંપૂર્ણ સક્ષમ અને સ્વાયત્ત વ્યક્તિઓ તરીકે ગણાવાના અધિકારનો જ ઈન્કાર કરે છે.[1]

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના પુનર્વસન માટેના ખૂબ આરંભના પ્રયાસો વ્યક્તિઓ માટે સંસ્થા-આધારિત સંભાળ અને સેવાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા હતા. પછીથી, વધારે પહોંચવાળી સેવાઓ માટેની જરૂરિયાત વધારે દેખીતી બનતી ગઈ તેમ તેમ પુનર્વસન માટેનો અવકાશ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના પરિવારોના સમાવેશ અને તેના સમુદાયમાં વ્યક્તિના પુનર્વસન માટેનો અવકાશ વ્યાપક બનતો ગયો. વિકલાંગતાના સામાજિક સ્વરૂપ વિશેની સમજ સુધરતી ગઈ તેમ તેમ વ્યક્તિઓ જે પર્યાવરણ અને પરિવેશમાં જીવે છે તેમાં પરિવર્તન લાવવાનું પણ એટલું જ મહત્ત્વનું બનતું ગયું. તેમાં તેમના અધિકારોનું રક્ષણ, શિક્ષણ અને રોજગારીમાં સમાન તકોની જોગવાઈ અને કાર્યક્રમોની સામુદાયિક માલિકીને પ્રોત્સાહનનો સમાવેશ થાય છે કે જેનો હેતુ વિકલાંગતા ધરાવતા લોકોનો સમાવેશ છે.

વિકલાંગતાને માનવ અધિકારોના પ્રશ્ન તરીકે જોવાની જરૂર છે.[2] વિકલાંગતા પ્રત્યે માનવ અધિકારો-આધારિત અભિગમથી લોકો વિકલાંગ વ્યક્તિઓ વિશે, તેમની અસહાયતા અને તેમના અધિકારો વિશે જાગૃત થશે. તેથી વિકલાંગતાના પ્રશ્નને માનવ અધિકારોના દૃષ્ટિકોણથી જોવાની જરૂર છે કે જેથી તેઓ ગૌરવપૂર્ણ જીવન જીવી શકે. તેથી વિશિષ્ટ સંસ્થાઓ ઉપરાંત રાજ્ય, વિકાસલક્ષી સંગઠનો, સમુદાય અને નાગરિક સમાજની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. 'વિકલાંગતા'ને વિકાસલક્ષી પ્રશ્ન તરીકે પિછાણવા માટે અને વિકલાંગ લોકો પરિવર્તન માટેના કર્તા બને અને હિમાયતીઓ બને તે માટે 'અધિકાર-આધારિત અભિગમ' જરૂરી છે.

### 'વિકલાંગતા' શબ્દની વ્યાખ્યા

'વિકલાંગતા'ની વ્યાખ્યા બાંધવાનું જટિલ છે અને ઘણી વાર વિવાદાસ્પદ છે. 'ક્ષતિ' (Impairment), 'વિકલાંગતા' (Disability) અને 'અપંગતા'

**રોગ/ અકસ્માત → ક્ષતિ → વિકલાંગતા → અપંગતા**

[1] ઓલિવર, બર્ન્સ, "ડિસ્ક્રિમિનેશન, ડિસેબિલિટી એન્ડ વેલ્ફેરઃ ફ્રોમ નીડ્ઝ ટુ રાઈટ્સ". 'ડિસેબ્લિંગ બેરિયર્સ - એનેબલિંગ એન્વાયર્મેન્ટ્સ'માં, સેજ પબ્લિકેશન્સ-૨૦૦૩.

[2] ડેનબ્રો, એન, "ડિસેબલ્ડ વિમેન ઈન સોસાયટી - એ પર્સનલ ઓવરવ્યૂ".


(Handicap) જેવા શબ્દો સંબંધે તે ક્યારે વાપરવાનું યોગ્ય છે તે અંગે ગૂંચવાડો પ્રવર્તે છે. એક સાતત્યમાં વિકલાંગતાને વ્યાપક રીતે નીચે મુજબ સમજવામાં આવે છે:

ક્ષતિ વિકલાંગતા ઊભી કરી શકે છે અને તે અપંગતા પણ ઊભી કરી શકે છે અપંગતા પછી આર્થિક અને સામાજિક બાદબાકી તરફ દોરી જાય છે. બાદબાકી ઈરાદાપૂર્વકની હોય કે ના હોય, પણ તે વધતી જ જાય છે. જેમ જેમ બાદબાકી વધતી જાય છે તેમ તેમ, સમુદાય ઓછો જાગૃત રહે છે અથવા વિકલાંગ વ્યક્તિઓને જે અવરોધો નડે છે તેમના વિશે કે તેમની જરૂરિયાતો વિશે ઓછો ને ઓછો ચિંતિત બને છે. આ અલગાવ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સમજ અને તેમના રોજિંદા જીવનની જરૂરિયાતો વચ્ચેની ખાઈ પહોળી ને પહોળી કરે છે.

અત્યાર સુધી ભારતમાં વિકલાંગતાની સ્થિતિ વિશેના મોટા ભાગના અભ્યાસોએ શારીરિક વિકલાંગતા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અલાહાબાદ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના રીડર પ્રો. અજિત દલાલે તેમના એક પુસ્તક[3]માં જણાવ્યું છે કે "વિકલાંગતાની સ્પષ્ટ વ્યાખ્યાના અભાવને કારણે વિકલાંગોની સંખ્યાના અંદાજોમાં ખૂબ જ મોટા તફાવતો નજરે પડે છે." દિલ્લીના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેના મુખ્ય કમિશનર ડો. ઉમા તુલીએ તાજેતરમાં જ એક મુલાકાતમાં એ બાબતે સંમતિ દર્શાવી કે વિકલાંગતાની વ્યાખ્યા વિશે સર્વસંમતિના અભાવને લીધે આ અંગે અધિકૃત માહિતી મેળવવાનું ખૂબ જ મુશ્કેલ બની જાય છે.[4]

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોને માન્યતા બક્ષવા તરફનું સૌ પ્રથમ મોટું પગલું વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો-૧૯૯૫ ઘડાયો તે છે. અનેક વર્ષોની હિમાયત અને આ પ્રશ્ને ઊભી થયેલી સમજનું એ પરિણામ છે.

આ ધારો સાત પ્રકારની વિકલાંગતાને આવરી લે છે: અંધત્વ, ઓછી દૃષ્ટિ, રક્તપિત્તમાંથી સાજા થયેલાઓ, શ્રવણશક્તિમાં ક્ષતિ, હલનચલનની વિકલાંગતા, મંદ બુદ્ધિ અને માનસિક બીમારી. અંધત્વનો અર્થ છે દૃષ્ટિનો સંપૂર્ણ અભાવ, સુધારાત્મક




[3] 'ધ માઈન્ડ મેટર્સ: ડિસેબિલિટી એટિટ્યુડ્ઝ એન્ડ કોમ્યુનિટી બેઝ્ડ રિહેબિલિટેશન'; પ્રકાશક: 'સેન્ટર ફોર એડવાન્સ્ડ સ્ટડી', અલ્લાહાબાદ યુનિવર્સિટી, સપ્ટેમ્બર-૨૦૦૦.

[4] 'લેબર ફાઈલ', ઓક્ટો.-નવે, ૨૦૦૧.

કાચ સાથે સારી આંખમાં ૬/૬૦ કે ૨૦/૨૦૦ (સ્નેલન)થી વધુ સારી દૃષ્ટિ ના હોય, ૨૦ અંશના ખૂણેથી કે તેથી વધુ ખૂણેથી જોવામાં મર્યાદા આવતી હોય. ઓછી દૃષ્ટિનો અર્થ એ છે કે સારવાર કે નિર્ધારિત ધોરણવાળા સુધારા પછી પણ વ્યક્તિની દૃષ્ટિમાં ક્ષતિ હોય, પરંતુ યોગ્ય સહાયાત્મક સાધનનો કોઈ કાર્ય કરવા માટે તે ઉપયોગ કરતી હોય કે પછી તેવો ઉપયોગ કરવા માટે આયોજન કરતી હોય. રક્તપિત્તમાંથી સાજા થયેલાનો અર્થ એ છે કે તે વ્યક્તિને રક્તપિત્ત મટી ગયો છે પણ તેને હાથ કે પગમાંથી સંવેદના જતી રહી છે અને આંખમાં પણ સંવેદના જતી રહી છે. અને આંખ તથા પાંપણના વાળ જતા રહ્યા છે પણ દેખીતી ક્ષતિ નથી, અથવા દેખીતી ક્ષતિ છે અને વાળ જતા રહ્યા છે પણ હાથ અને પગમાં એટલું પૂરતું હલનચલન છે કે તે સામાન્ય આર્થિક પ્રવૃત્તિ કરી શકે છે, અથવા ભારે શારીરિક ખામી છે અને વધુ ઉંમર છે કે જે વ્યક્તિને કોઈ લાભદાયી રોજગારી હાથ ધરતાં અટકાવે છે. શ્રવણશક્તિમાં ખામીનો અર્થ એ છે કે આવૃત્તિના પરંપરાગત વિસ્તારમાં સારા કાનમાં ૬૦ કે તેથી વધુ ડેસિબલનો જ અવાજ સંભળાતો હોય. હલનચલનની વિકલાંગતાનો અર્થ એ છે કે હાડકાં, સાંધા કે સ્નાયુઓની વિકલાંગતા કે જેનાથી હાથ-પગના હલનચલનમાં ખાસ્સા પ્રમાણમાં અવરોધ ઊભો થાય અથવા મગજના લકવાનું કોઈ પણ સ્વરૂપ. મંદ બુદ્ધિનો અર્થ એ છે કે વ્યક્તિના મગજનો અપૂર્ણ













અથવા અવરુદ્ધ વિકાસ થયો હોય અને ખાસ કરીને બુદ્ધિ સામાન્ય કરતાં ઓછી હોય. માનસિક બીમારી એટલે મંદ બુદ્ધિ સિવાયની કોઈ પણ પ્રકારની માનસિક ખામી. આ ધારો અન્ય જોગવાઈઓની સાથે સાથે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની શૈક્ષણિક, આર્થિક અને પહોંચની જરૂરિયાતો તથા અધિકારોની જોગવાઈઓ પણ કરે છે. જો કે, ડૉ. તુલી એ સ્વીકારે છે કે તે હજુ પણ મગજનો લકવો અને મગજની ક્ષતિ જેવી મોટી વિકલાંગતાઓનો સમાવેશ કરતો નથી.

કાયદા મુજબ વર્ગીકૃત થયેલી વિવિધ પ્રકારની વિકલાંગતાઓના સંદર્ભમાં ઉપર જણાવ્યા મુજબની સ્થિતિ સાથેની વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટે ૧૯૯૯માં 'ધ નેશનલ ટ્રસ્ટ ફોર વેલફેર ઓફ પર્સન્સ વિથ ઓટિઝમ, સેરિબ્રલ પાલ્સી, મેન્ટલ રિટાર્ડેશન એન્ડ મલ્ટિપલ ડિસેબિલિટીઝ એક્ટ' ઘડવામાં આવ્યો છે.

ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના 'જિલ્લા વિકલાંગતા પુનર્વસન કેન્દ્ર' (ડીડીઆરસી)માં વિકલાંગતાની સરળ વ્યાખ્યા કરવામાં આવે છે: ક્ષમતાની વિરુદ્ધની બાબત. અમેરિકન ડિસેબિલિટીઝ એક્ટ- ૧૯૯૧[૫] જીવનની એક કે તેથી વધુ મોટી પ્રવૃત્તિમાં ખાસ્સી મર્યાદા ઊભી કરતી કોઈ પણ

[૫] અમેરિકન ડિઝેબિલિટી એક્ટ, www.disabilityinfo.org

શારીરિક કે માનસિક ક્ષતિ એટલે વિકલાંગતા એવી વ્યાખ્યા આપે છે. આ વ્યાખ્યા તમામ પ્રકારની વિકલાંગતાઓને આવરી લે છે.

'વિકલાંગતા'ને એક મહત્ત્વના સામાજિક પ્રશ્ન તરીકે ભાગ્યે જ જોવામાં આવે છે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ઘણી વાર જ્યારે અસહાય જૂથોને ધ્યાનમાં રખાય છે ત્યારે તેમનામાંથી બાદબાકી કરવામાં આવે છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નડતી નિશ્ચિત સમસ્યાઓ ભાગ્યે જ ખોજવામાં આવે છે અને તેમાંય વિકલાંગ વ્યક્તિઓના પોતાના દૃષ્ટિકોણથી તો ભાગ્યે જ. સમુદાયમાં તેમના સંભવિત પ્રદાનને પણ અવગણવામાં આવ્યું છે.

'વિશ્વ વિકાસ અહેવાલ', 'માનવ વિકાસ અહેવાલ' અને 'એશિયન આઉટલૂક' દર વર્ષે પ્રકાશિત થાય છે અને આંતરરાષ્ટ્રીય માહિતી અંગે એ અધિકૃત દસ્તાવેજો છે. પણ તેમના અભ્યાસોમાં પણ વિશ્વના દેશોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિશેની આંકડાકીય માહિતી નથી. બહુ જ જાણીતા માનવ વિકાસ આંકમાં પણ મનુષ્યના જીવનના આ ઘણા અગત્યના પાસાનો સમાવેશ કરાયો નથી. તે એમ દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના પ્રશ્નોમાં કેટલો રસ લેવામાં આવે છે.

જો કે, ઔદ્યોગિક દેશોમાં પ્રાથમિક રીતે પણ આંકડાકીય માહિતી પ્રાપ્ય છે ખરી. દા.ત. અમેરિકામાં ૮ ટકા કરતાં વધારે વસ્તી વિકલાંગ છે, ઓસ્ટ્રેલિયામાં એ આંકડો ૧૪ ટકાનો છે. ચીનમાં ૫ ટકા, પાકિસ્તાનમાં ૪.૯ ટકા, ફિલિપાઈન્સમાં ૪.૪ ટકા અને નેપાળમાં ૫ ટકા વસ્તી વિકલાંગ છે.

## ભારતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સ્થિતિ

ભારતમાં રાષ્ટ્રીય સ્તરે નિયમિતપણે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિશે આંકડા એકત્ર કરવામાં આવતા નથી. છૂટાછવાયા અભ્યાસો સિવાય એવો કોઈ અધિકૃત સ્રોત નથી કે જે નક્કર અને વર્ગીકૃત માહિતી પૂરી પાડે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્રોતો જુદા જુદા આંકડા આપે છે. ભારત કરતાં વિકસિત રાષ્ટ્રોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું ટકાવારી પ્રમાણ વધારે હોવાનું કારણ કદાચ વિકલાંગતાની બહુ જ સાંકડી વ્યાખ્યા કરવામાં આવે છે તે છે. 'રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ' (એનએસએસ)ના ૧૯૯૧ના આંકડા એમ કહે છે કે દેશની કુલ વસ્તીના ૧.૯ ટકા એટલે કે ૧૬૧.૫ લાખ લોકો શારીરિક કે સંવેદનલક્ષી વિકલાંગતા ધરાવે છે. 'નેશનલ સેન્ટર ફોર પ્રમોશન એન્ડ એમ્પ્લોયમેન્ટ ઓફ ડિઝેબલ્ડ પર્સન્સ' (એનસીપીઈડીપી)ના અંદાજો[૬] આ આંકડો ૫થી ૭ ટકાનો મૂકે છે. 'વિશ્વ આરોગ્ય સંગઠન'ના અંદાજો ૫થી ૬ ટકાના છે, જ્યારે 'સંયુક્ત રાષ્ટ્રો'નાં અન્ય સંગઠનો આ આંકડો ૧૦ ટકા જેટલો ઊંચો મૂકે છે.[૭]

સ્વાતંત્ર્ય બાદ ૧૯૮૧માં પહેલી જ વખત વસ્તી ગણતરીમાં વિકલાંગતાની નોંધ લેવાઈ હતી. ૧૯૯૧ની વસ્તી ગણતરીમાં ફરી વાર એ પ્રશ્નની અવગણના કરાઈ. ભારે રજૂઆતો બાદ ૨૦૦૧માં વસ્તી ગણતરીમાં વિકલાંગતા વિશે એક પ્રશ્ન ઉમેરવામાં આવ્યો. તેની માહિતી હજુ હમણાં જ જાહેર થઈ છે. ૨૦૦૧ની ભારતની વસ્તી ગણતરી એવો અંદાજ મૂકે છે કે ભારતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ કુલ વસ્તીના ૨.૨ ટકા છે. તેમાંથી ૧.૬

---

[૬] એનસીપીઈડીપીઃ 'બેરફેક્ટ', www.ncpedp.org

[૭] ઈ. હેલેન્ડર, 'પ્રેજ્યુડાઈસ એન્ડ ડિગ્નિટીઃ એન ઈન્ટ્રોડક્શન ટુ કોમ્યુનિટી બેઝ્ડ રિહેબિલિટેશન', યુએનડીપી-૧૯૮૨. ૨૦માં એક એ બહુ નાનો અંદાજ છે અને કેટલાંક સ્રોતો એમ કહે છે કે દુનિયાની વસ્તીમાં દર દસે એક વ્યક્તિ વિકલાંગતા ધરાવે છે.

ટકા શહેરી વિસ્તારોમાં છે અને ૦.૬ ટકા ગ્રામીણ વિસ્તારોમાં છે.

## વિકલાંગતા ધરાવતી મહિલાઓ

મહિલાઓ એક જૂથ તરીકે તેઓ ભલેને ગમે તે ધર્મ, જ્ઞાતિ કે વર્ગની હોય, પણ અસહાય હોય છે. નિઃસંશયપણે, વિકલાંગતા ધરાવતી કે ન ધરાવતી છોકરીઓ અને મહિલાઓની અનેક સમસ્યાઓ સર્વસામાન્ય છે. વિકલાંગતા આ અસહાયતામાં ઉમેરો કરે છે અને પરિસ્થિતિને વધારે વણસાવે છે. વિકલાંગતા ધરાવતી મહિલાઓને ગૃહિણી, માતા કે પત્ની તરીકેની ભૂમિકા ભજવવા માટે પૂરતી સક્ષમ ગણવામાં આવતી નથી અને શારીરિક દેખાવના સંદર્ભમાં સૌંદર્ય અને સ્ત્રીત્વની નિર્ધારિત બાબતોમાં તેઓ ફસાઈ જાય છે. વિકલાંગતા ધરાવતી સ્ત્રીઓ પ્રત્યે તેમના પરિવારો તરફથી જ નહિ પણ તેમના સમુદાયો તરફથી પણ હીણપતભર્યા ભાવથી જોવામાં આવે છે. મહિલાઓમાં પણ સૌથી વધુ અસહાય અને અનાદર પામતું જૂથ એ છે કે જેઓ વિકલાંગ છે. વિકલાંગતા ધરાવતી મહિલાઓ બે રીતે ભેદભાવનો ભોગ બને છે, સ્ત્રી-પુરુષ ભેદભાવ તો ખરો જ, ઉપરાંત ક્ષતિનો ભેદભાવ. વિકલાંગતાથી જે સામાન્ય પ્રકારની મુસીબતો ઊભી થાય છે તેનો જ તેઓ શિકાર નથી બનતી, પણ તેઓની સામાજિક બાદબાકી પણ થાય છે. જો કે, વિકલાંગતા વિશેના એવા બહુ ઓછા અભ્યાસો છે કે જે વિકલાંગતા ધરાવતી સ્ત્રીઓના અનુભવો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

બીજાં અનેક સંશોધનોમાં બને છે તેમ સામાન્યતયા પુરુષોના અનુભવોમાંથી મળેલી માહિતીને આધારે જ સામાન્ય તારણો તારવવામાં આવે છે. જેમ વિકલાંગતા ધરાવતા પુરુષોને ખરેખર કેટલીક નિશ્ચિત સમસ્યાઓ હોય છે, એ જ રીતે વિકલાંગતા ધરાવતી સ્ત્રીઓનું પણ હોય છે. આમ જુઓ તો, સ્ત્રીઓની વિશિષ્ટ જરૂરિયાતો ઘણા લાંબા સમયથી અવગણવામાં આવી છે અને તેથી જ મહિલાઓના દૃષ્ટિકોણથી વિકલાંગતાના પ્રશ્નોને સમજવાની પણ જરૂર છે.

# ૨. અભ્યાસની પદ્ધતિ અને પ્રક્રિયા

'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન' અને 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' દ્વારા મુખ્ય પ્રવાહની વિકાસ પ્રક્રિયામાં નાગરિક સમાજની સહભાગિતા વધારવા માટે એક સહભાગી કાર્યલક્ષી સંશોધન હાથ ધરવામાં આવ્યું. તે નાગરિક સમાજના વિવિધ કર્તાઓને માહિતી પૂરી પાડવા માગે છે અને તેમનાં વલણો બદલવા માગે છે કે જેથી વિકાસની પ્રક્રિયામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સંપૂર્ણ સહભાગિતા માટેનો માર્ગ સરળ કરી શકાય. આ પરિયોજનાનો વ્યાપક હેતુ નીચેના માર્ગોએ મુખ્ય પ્રવાહમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સામેલ કરવાનો છેઃ (અ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશને પ્રોત્સાહન આપવા માટેની જરૂરિયાત અને તે માટેનાં પગલાં અંગે જાગૃતિ લાવવી. (આ) નાગરિક સમાજના હિતધારકોને ઓળખવા કે જેઓ સમાવેશમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. (ઈ) વિકલાંગતાના પ્રશ્ને અને તેઓ જે ભૂમિકા ભજવી શકે તે અંગે તેમને અભિમુખ બનાવવા. (ઉ) વિવિધ હિતધારકો વચ્ચે સંપર્કો અને નેટવર્ક્સ પ્રસ્થાપિત કરવાં.

આ અભ્યાસ આ પરિયોજનાના એક અંતર્ગત ભાગ તરીકે અને ગુજરાતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતો, સુષુપ્ત શક્તિઓ અને અધિકારો વિશે વધારે સમજ વિકસાવવા માટે હાથ ધરવામાં આવ્યો હતો. તે એવા રસ્તા ખોજવાનો પ્રયાસ કરે છે કે જેથી વિવિધ હિતધારકો જાહેર જગ્યાઓને અવરોધમુક્ત બનાવવામાં, સરકારી યોજનાઓ, સેવાઓ અને અન્ય સવલતોનો લાભ તેમને મળે તેમાં અને તેમની ચાલુ પ્રવૃત્તિઓમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પોતાને સમાવવામાં તેમની સહભાગિતા વધારી શકે.

તેથી સ્થાનિક સંદર્ભમાં 'વિકલાંગતા'ની વ્યાખ્યા બાંધવાનો પ્રયાસ કરાયો છે. તે ગામે ગામે બદલાય છે, પ્રવર્તમાન સંસ્કૃતિ ઉપર તે આધાર રાખે છે. આ અભ્યાસ ઔપચારિક અને અનૌપચારિક જૂથ ચર્ચાઓ મારફતે વિકલાંગ વ્યક્તિઓના પોતાનાં અનુભવો અને મંતવ્યોને સ્થાન આપે છે. વિકલાંગતા ધરાવતી મહિલાઓના પ્રશ્નો વિશે ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

## ૨.૧ પદ્ધતિ

સહભાગી સંશોધન પદ્ધતિઓ અને પ્રશ્નાવલી દ્વારા સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરીને એક કાર્યલક્ષી સંશોધન પરિયોજના તરીકે આ અભ્યાસ ઘડવામાં આવ્યો હતો. સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન (પીઆરએ)ની પ્રક્રિયાએ સમુદાયમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અને તેમની સુષુપ્ત શક્તિઓ વિશે જાગૃતિ વધારી છે, તેણે પરિયોજનાના એકંદર લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે વિવિધ હિતધારકોની ભૂમિકા ખોજી છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ વિકલાંગતા સંબંધી પ્રશ્નો તપાસવા માટે પહેલી જ વાર સમુદાયના અન્ય સભ્યો સાથે સક્રિયપણે અને નિર્ણાયકપણે ભાગ લીધો છે.

ગુજરાતના અમદાવાદ, પાટણ, સાબરકાંઠા અને વડોદરા એમ ચાર જિલ્લાના ૭ તાલુકાનાં ૫૫ ગામોમાં અને ૮ શહેરી ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ૧૩ સંગઠનોની ભાગીદારી સાથે આ અભ્યાસ કરવામાં આવ્યો છે.[૮] 'ઉન્નતિ', 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' અને ભાગીદાર સંગઠનોની ટુકડીએ આ અભ્યાસ હાથ ધર્યો. આ ટુકડીને અભ્યાસ કરતાં પહેલાં સંશોધનની

[૮] સહભાગી સંગઠનોએ આ અભ્યાસ હાથ ધરવા માટે તેમને પ્રાપ્ય સમય અને સંસાધનો અનુસાર તેમના કાર્યક્ષેત્રમાં ૩થી ૫ ગામો પસંદ કર્યાં હતાં.

પદ્ધતિ વિશે અભિમુખ કરાઈ અને તે વિશે સંવેદનશીલ બનાવવામાં આવી.

સહભાગી પદ્ધતિઓનો ઉપયોગ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના પ્રશ્નો વિશે સંયુક્ત સમજ વિકસાવવા માટે કરવામાં આવ્યો. પછી પ્રશ્નાવલી આધારિત સર્વેક્ષણ કરાયું અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની શિક્ષણની સ્થિતિ. વ્યવસાયી તાલીમ, રોજગારી અને કમાણી વિશે માહિતી ભેગી કરવામાં આવી. કુલ ૧૧૫૪ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું સર્વેક્ષણ કરવામાં આવ્યું અને સમુદાયે જ તેમને ઓળખી કાઢ્યા હતા.

પીઆરએ તમામ ૫૫ ગામો અને ૮ શહેરી ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં હાથ ધરવામાં આવ્યું હતું. જે પીઆરએ પદ્ધતિઓનો ઉપયોગ કરાયો છે તેમાં પદયાત્રા, સામાજિક નકશા તૈયાર કરવા, હલનચલન ક્ષમતાના નકશા તૈયાર કરવા, આલેખો, હિતધારકોની સભા અને નિશ્ચિત જૂથની ચર્ચા વગેરેનો સમાવેશ થાય છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને સમુદાય વચ્ચે ખુલ્લા વાતાવરણમાં વાતચીત થવાથી એકબીજા વિશેના અજ્ઞાનને લીધે અને સમાનતા તથા આદરના ખ્યાલો પર આધારિત વાતચીતના અભાવે જે સમસ્યાઓ ઊભી થાય છે તેમના વિશેના પરસ્પરના ખ્યાલો જાણવાની તકો મળી.

જથ્થાત્મક અને ગુણાત્મક માહિતીનું વિશ્લેષણ અલગ અલગ રીતે કરવામાં આવ્યું અને વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓના જીવનનાં વિવિધ પાસાંમાં ડોકિયું કરવા માટે તેનો ઉપયોગ કરાયો. કાર્યશાળાઓ દ્વારા સહભાગી સંગઠનો સાથે એ માહિતીની આપલે કરવામાં આવી કે જેથી ગુણાત્મક પાસાંની માહિતી બાકી રહી ના જાય અને વિશ્લેષણ તથા દસ્તાવેજીકરણ તેને પરિણામે અધૂરું ના રહી જાય.

આ અભ્યાસમાં જે કેટલાંક અગત્યનાં પગલાં લેવાયાં તે નીચે મુજબ છે:

**(૧) સમુદાય-આધારિત સંગઠનોની અભિમુખતા**

ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં અમારા કામ દરમ્યાન અમને સમજાયું હતું કે વિકાસલક્ષી સંગઠનોએ તેમનાં ચાલુ કામો દરમ્યાન વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે વાતચીત કરવાની જરૂર છે. વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે વિકાસલક્ષી સંગઠનોએ મોટી ભૂમિકા ભજવવાની છે. ગરીબી અને અસહાયતા ઘટાડવા માટેના પ્રયાસોમાં ઘણી વાર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના પ્રશ્નો વિશેની મજબૂત સમજનો અભાવ હોય છે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સહભાગિતા ખૂબ જ મર્યાદિત હોય છે, અને ઘણીબધી રીતે તે અવરુદ્ધ હોય છે તેથી દરમ્યાનગીરી અધિકાર-આધારિત બનવાને બદલે કલ્યાણલક્ષી બને છે.

આ સંદર્ભમાં અસહાયતા ઘટાડવા વિશે કામ કરતાં સમુદાય-આધારિત સંગઠનો સાથે સંવાદ ઊભો કરવા એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. તેનો હેતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના પ્રશ્નો વિશે સામૂહિક સમજ ઊભી કરવાનો હતો. ૧૬ સમુદાય-આધારિત સંગઠનોએ આ કાર્યશાળામાં હાજરી આપી હતી.

સમુદાય-આધારિત સંગઠનો સાથેની ચર્ચા દરમ્યાન એમ જણાયું કે પીઆરએની પદ્ધતિઓ તેમ જ પરંપરાગત પદ્ધતિઓ (જથ્થાત્મક પદ્ધતિઓ) આ પ્રશ્ન વિશેની સમજ વધારશે. એમ જણાયું કે સંશોધન અભ્યાસ પોતે જ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના પ્રશ્નો, અધિકારોની પ્રાપ્તિ અને તેમની સુષુપ્ત શક્તિઓ વિશેની સમુદાયની જાગૃતિ વધારશે. તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમનાં જરૂરિયાતો, મંતવ્યો અને ખ્યાલો અભિવ્યક્ત કરવા માટેનો મંચ પૂરો પાડશે.

## (૨) અભ્યાસની યોજના

બીજું પગલું સહભાગી કાર્યલક્ષી સંશોધન માટેનાં પગલાંની યોજના બનાવવાનું હતું. અનેક સંગઠનોએ અન્ય પ્રશ્નો વિશે કામ કરતી વખતે પીઆરએનો ઉપયોગ એક સાધન કરીકે કર્યો છે. જો કે, વિકલાંગતાના પ્રશ્ને પીઆરએનો ઉપયોગ તદ્દન નવી બાબત હતી. તેથી એ યોજના સામૂહિકપણે ઊભી કરવામાં આવી.

અભ્યાસ દરમ્યાન જે પીઆરએ સાધનોનો ઉપયોગ કરવાનો હતો તેમની રૂપરેખા તૈયાર કરવામાં આવી. દરેક સાધનના ઉપયોગ માટે એક નિયમાવલી માર્ગરેખાઓ સાથે તૈયાર કરવામાં આવી. તેમાં દરેક સાધનના ઉપયોગનો હેતુ, કાર્યવાહીઓ અને સાધનના ઉપયોગ દરમ્યાન એકત્ર કરવામાં આવે તે માહિતીનો સમાવેશ કરાયો. તેમાં સહભાગી સંશોધન હાથ ધરતી વખતે શું કરવું અને શું ન કરવું તેની યાદી પણ આપવામાં આવી. અભ્યાસની યોજના બનાવવાના ભાગરૂપે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના એક ગામમાં પ્રયોગરૂપે પીઆરએ કરવામાં આવ્યું. તેનાથી કયાં સાધનોનો ઉપયોગ કરવો તે નક્કી કરવામાં અને જથ્થાત્મક માહિતી એકત્ર કરવા માટેની પ્રશ્નાવલી તૈયાર કરવામાં મદદ મળી. સૌથી વધારે મહત્ત્વની બાબત તો એ છે કે વિકલાંગતાના પ્રશ્નો માટે પીઆરએનાં સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશે સમાન સમજ ઊભી કરવાની જૂથને એક તક મળી.

અભ્યાસનાં સ્વરૂપ અને કાર્યક્ષેત્ર તથા નમૂના વિશે દરેક સંગઠન સાથે વ્યક્તિગત રીતે અને જૂથમાં ચર્ચા કરવામાં આવી. દરેક સંગઠને તેમની ક્ષેત્રીય પ્રવૃત્તિ અનુસાર નમૂનાનો વિસ્તાર પસંદ કર્યો. તેમના કાર્યક્ષેત્રમાંથી ૩થી ૫ ગામો પસંદ કરવામાં આવ્યાં. તેમની પાસે પ્રાપ્ય સંસાધનો અને સમય મુજબ તેમની પસંદગી કરાઈ હતી.

## (૩) ક્ષેત્રીય પ્રવૃત્તિઓ

*(અ) સાધનોનું નિદર્શન*

તમામ સંગઠનોની સંશોધન ટુકડીની ક્ષમતા વધુ વધારવા માટે દરેક સંગઠન સમક્ષ સાધનોનું નિદર્શન ગોઠવવામાં આવ્યું. 'ઉન્નતિ' અને 'હેન્ડિકેપ ઇન્ટરનેશનલ'ની ટુકડીએ દરેક સંગઠનની મુલાકાત લીધી અને સંગઠન દ્વારા પસંદ કરાયેલા એક ગામમાં પ્રથમ પીઆરએ સંગઠનના જ બે-ત્રણ સભ્યો સાથે હાથ ધર્યું. સહભાગીઓને પીઆરએનાં સાધનો વિશે માહિતી આપવામાં આવી. પછી ગામની મુલાકાત લેવામાં આવી. ટુકડી ગામમાં અઢી દિવસ સુધી રહી અને દરેક સાધનનું નિદર્શન કર્યું અને દરેક સાધનનો ઉપયોગ માહિતી મેળવવા કેવી રીતે કરવો અને તેમનો સહસંબંધ કેવી રીતે જોડવો તે વિશે સમજ ઊભી કરવામાં આવી અને આ પ્રશ્ન વિશે સમુદાયમાં જાગૃતિ ઊભી કરવામાં આવી. દરેક દિવસના અંતે ટુકડીએ મળેલી માહિતી અને ઉપયોગમાં લેવાયેલાં સાધનોની સમીક્ષા કરી. તેથી પ્રક્રિયામાં વધુ સુધારા-વધારા કરવામાં મદદ મળી.

*(આ) પીઆરએ હાથ ધરવું*

તમામ ૫૫ ગામો અને ૮ શહેરી ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં પીઆરએ હાથ ધરવામાં આવ્યું. સમુદાય અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વચ્ચેની વાતચીત દ્વારા માહિતી ભેગી કરવામાં પીઆરએથી મદદ મળી. તેણે એકબીજા સાથે સંવાદ કરવાની તક આપી. તેનાથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં મંતવ્યોને અને તેમની નિશ્ચિત સમસ્યાઓને ઓળખવામાં અને તેના થકી તેમની જરૂરિયાતો અને સુષુપ્ત શક્તિઓ ખોજવામાં મદદ મળી. જે સહભાગી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો તેમાં પદયાત્રા, સામાજિક નકશા તૈયાર કરવા, હલનચલનની ક્ષમતાના નકશા તૈયાર કરવા, આલેખો, હિતધારકોની બેઠકો અને નિશ્ચિત જૂથ ચર્ચા વગેરેનો સમાવેશ થાય છે.



ગામમાં પદયાત્રા કરવામાં આવી તેથી ટુકડી ગામથી પરિચિત થઈ અને તે ગામમાં પ્રવેશબિંદુ બની. પ્રવર્તમાન સેવાઓ અને સવલતો, ગામની વસાહતની તરાહ, વર્તમાન વેપાર, પાકની તરાહ, સામાજિક અને આર્થિક સ્થિતિ અને અન્ય નિશ્ચિત પાસાં વગેરેનું અવલોકન દ્વારા અને પદયાત્રા દરમ્યાનની સમુદાય સાથેની અનૌપચારિક વાતચીત દ્વારા દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું.

સમુદાય દ્વારા ગામનો સામાજિક નકશો તૈયાર કરવામાં આવ્યો. તેનાથી ગામનાં આર્થિક, સામાજિક અને ભૌતિક પાસાં વિશેની સર્વગ્રાહી સમજ વિકસી. વિકલાંગ વ્યક્તિઓનાં ઘરોની માહિતી તેથી મળી. તેથી પોતાના વિસ્તારમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સ્થિતિ, તેમની નિશ્ચિત જરૂરિયાતો અને ક્ષમતાઓ વિશે સમુદાયે વિચાર કરવાનું શરૂ કર્યું. આ પ્રક્રિયા દરમ્યાન અગાઉ જેમને વિકલાંગ ગણવામાં આવ્યા નહોતા તેઓ વિકલાંગ તરીકે ઓળખાયા.

હલનચલનની ક્ષમતા વિશેના નકશા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તથા સમુદાય સાથે રહીને તૈયાર કરવામાં આવ્યા. તેનાથી ગામમાંના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કઈ સેવાઓ પ્રાપ્ય છે તેની વિગતો એકત્ર કરવામાં અને જે સેવાઓ તેમને ગામમાં મળતી નથી તે ક્યા નજીકના સ્થળે મળી શકે છે તે જાણવામાં સમુદાયને મદદ મળી.

ગામમાંની વર્તમાન સંસ્થાઓને ઓળખવા માટે અને આ સંસ્થાઓ વિશેના સમુદાયના ખ્યાલો અને તેમની પાસેની અપેક્ષાઓને સમજવા માટે આલેખનો ઉપયોગ કરવામાં આવ્યો. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જીવનમાં દરેક સંસ્થાનું મહત્ત્વ અને આ સંસ્થાઓ સાથેના તેમના સંબંધોને સમજવામાં તેથી સરળતા ઊભી થઈ.

હિતધારકોની સભાથી વિકલાંગોના જીવન પર પ્રભાવ પાડનારી ગામમાંની વિવિધ વ્યક્તિઓ અને સંસ્થાઓને ઓળખવામાં અને તેમની સાથેના તેમના સંબંધોને



સમજવામાં મદદ મળી. આ પ્રક્રિયા દ્વારા જ્યાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની બાદબાકી કરવામાં આવે છે તે ક્ષેત્રો ઓળખી કઢાયાં અને સમાવેશ સિદ્ધ કરવા માટેના રસ્તાઓ શોધી કઢાયા. વિવિધ હિતધારકોની મદદથી એ કેવી રીતે થઈ શકે તે પણ શોધી કઢાયું.

ક્ષેત્રીય મહિલા કાર્યકરો દ્વારા મહિલાઓ સાથે જૂથ ચર્ચા કરવામાં આવી. તેથી વિકલાંગતા ધરાવતી મહિલાઓએ વધુ મુક્તપણે તેમનાં મંતવ્યો, જરૂરિયાતો અને સમસ્યાઓ જણાવ્યાં.

*(ઈ) જથ્થાત્મક માહિતી એકત્ર કરવી*

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિશે નિશ્ચિત માહિતી એકત્ર કરવા માટે જથ્થાત્મક સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિશે માહિતી એકત્ર કરવા માટે સંગઠન સાથે વિચાર-વિમર્શ કરીને એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી. આ પ્રશ્નાવલી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અથવા તો તેમનાં પરિવારો દ્વારા ભરવામાં આવી. આ માહિતીએ એક સામાન્ય ચિત્ર ઊભું કર્યું. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં શિક્ષણ, વ્યવસાયી તાલીમ, રોજગારી અને કમાણી વિશેની માહિતી એકત્ર કરાઈ. સમુદાય અથવા વિકલાંગોએ પોતે જ ૧૧૫૪ વિકલાંગો ઓળખી કાઢ્યા.

*(ઉ) દસ્તાવેજીકરણ*

સહભાગી સંગઠનો સાથે મળીને દસ્તાવેજીકરણ માટેનું એક માળખું તૈયાર કરવામાં આવ્યું. ગામની અને પરિવારની માહિતી આ માળખામાં નોંધવામાં આવી. પીઆરએ દરમ્યાન જે માહિતી મળી હતી તેના દસ્તાવેજીકરણ માટે પણ આ જ માળખું ઉપયોગમાં લેવાયું. બધી જ માહિતીના દસ્તાવેજીકરણ માટે અગાઉથી નક્કી કરાયેલા આ માળખાનો ઉપયોગ તમામ સંગઠનો દ્વારા કરવામાં આવ્યો.

## (૪) અનુભવોની આપલે માટે કાર્યશાળા

સમગ્ર પ્રક્રિયા પતી ગઈ પછી બે દિવસની એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં તમામ સહભાગી સંગઠનોએ તેમનાં માહિતી અને અવલોકનોની આપલે કરી. આ કાર્યશાળાનો હેતુ જે માહિતી મળી છે તેને જોવાનો અને પીઆરએની પ્રક્રિયામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશમાં મદદ કરનારાં કે અવરોધો નાખનારાં

પરિબળો વિશે વિચાર કરવાનો હતો. ક્ષેત્રીય વિસ્તારો જુદા જુદા હતા અને તેથી જુદાં જુદાં ક્ષેત્રોમાંથી જુદું જુદું શીખવાનું હતું. એ મહત્ત્વનું હતું કે સહભાગીઓએ તેમના અનુભવોની આપલે કરી અને એ રીતે તેઓ કંઈક શીખ્યા. વળી, ગુણાત્મક પાસાં વિશેની માહિતી વિશ્લેષણ અને દસ્તાવેજીકરણની પ્રક્રિયામાં રહી ના જાય તે માટેની માહિતી એકત્ર કરવામાં પણ તેનાથી સહાય મળી.

કાર્યશાળાથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નડતા પ્રશ્નો વિશે સંયુક્ત વિશ્લેષણ કરવામાં પણ મદદ મળી. તમામ સહભાગીઓએ એક એ પ્રશ્નનો ઉલ્લેખ કર્યો કે વિકલાંગતા અને ગરીબી વચ્ચે સંબંધ છે. એ બાબત ધ્યાનમાં લેવાઈ કે ગરીબો વિકલાંગતાનો સામનો કરે છે અને તેમની વિકલાંગતા દૂર કરવાનાં સંસાધનો તેમની પાસે નથી. બીજો એક મુદ્દો એ પ્રકાશમાં આવ્યો કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને માત્ર સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પ્રક્રિયામાંથી જ બાકાત કરવામાં નથી આવતા પરંતુ તેમના માટેની જ યોજનાઓ અને સવલતોથી પણ તેમને વંચિત કરવામાં આવે છે. આથી સંગઠનોને તેમના કામમાં એક નવી દિશા પ્રાપ્ત થઈ.

અન્ય પ્રશ્નો વિશેના સંશોધનમાં પણ પીઆરએની પદ્ધતિઓનો ઉપયોગ કરવાની શક્યતા પણ આ કાર્યશાળાથી વધી, આથી એ રીતે આ પદ્ધતિના લાભાલાભ પ્રકાશમાં આવ્યા. પદ્ધતિઓની ખામીઓ વિશે ચર્ચા કરતી વખતે ટુકડીઓએ અભ્યાસના નિર્ધારિત હેતુઓ સિદ્ધ કરવા માટે તેમાં કરેલા ફેરફારો કે કરેલા નવતર પ્રયોગો વિશે પણ વાત કરી. એ રીતે આ પ્રક્રિયાની સામૂહિક સમજમાં ઉમેરો થયો.

આરંભથી જ એ સ્પષ્ટ હતું કે અભ્યાસની પ્રક્રિયાથી ગામને કે સમુદાયને કોઈ ટકાઉ લાભ મળવાનો નથી. અમને લાગ્યું કે ગામની માહિતી અને જ્ઞાનમાં ફાળો આપવાની જરૂર છે. તેથી માહિતીનું દસ્તાવેજીકરણ કરવા માટે ગામના ચિત્રનો એક નમૂનો તૈયાર કરવામાં આવ્યો હતો. આ ચિત્ર ગામો વિશેની સર્વગ્રાહી માહિતી પૂરી પાડે છે અને તે પંચાયત ઘર અથવા અભ્યાસમાં સામેલ સંગઠન જેવા કેન્દ્રીય સ્થળે આસાનીથી ઉપયોગમાં લઈ શકાય તેવા સ્વરૂપમાં પ્રાપ્ય છે. ગામ માટે ભાવિ આયોજન કરવા માટે કે ભાવિ કાર્ય માટે આ માહિતી ઉપયોગમાં લઈ શકાય છે. ગામની માહિતી મેળવાઈ અને કેટલીક માહિતી એ માળખામાં મૂકવામાં આવી. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે તેને આધુનિક બનાવી શકાય છે. અંતે સંગઠનો અને સમુદાયે તે માહિતી સતત આધુનિક બનાવવા માટેની તથા વિકાસના કામમાં વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવાની જવાબદારી ઉઠાવી. સક્રિય સામાજિક સમાવેશ માટેની પ્રતિબદ્ધતાનો એ પુનરુચ્ચાર છે.

## ૨.૨ સમાવેશી સામાજિક તપાસ: પડકારો

અભ્યાસમાં સમાજના તમામ અસહાય વર્ગોનો સમાવેશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો કે જેથી એ દરેક જૂથનું અન્ય જૂથો સાથે કેવી રીતે સંકલન કરી શકાય તે સમજી શકાય. તેથી લોકો સાથે સીધી વાતચીત કરવાનું શક્ય બન્યું, અને એ રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશને પ્રોત્સાહન મળ્યું. આ પ્રક્રિયામાં ટુકડીને અનેક પડકારોનો સામનો કરવો પડ્યો. અહીં એ નોંધવું મહત્ત્વનું છે કે જુદા જુદા સહભાગીઓએ આ પડકારોનો સામનો કરવા માટે જુદી જુદી નવતર પદ્ધતિઓનો ઉપયોગ કર્યો. તેમાંની કેટલીકનું દસ્તાવેજીકરણ અહીં પડકારોની સાથે જ થયું છે.

આરંભમાં પરિવારો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પીઆરએ માટે મોકલવા માટે આતુર નહોતા. આવા કિસ્સામાં લોકોનો સહયોગ મેળવવાનું મુશ્કેલ હતું. એક ગામમાં એક વિકલાંગ સ્ત્રી હતી. તે બહારના લોકો સાથે વાતચીત કરવા માટે તૈયાર નહોતી. છેક છેલ્લે સુધી તેની પાસેથી કોઈ સહકાર મેળવવાનું મુશ્કેલ રહ્યું. ઘણા કિસ્સામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને મિત્રો અને સગાંવહાલાંઓ બેઠકોમાં

લઈ આવ્યા, તે એવી આશા સાથે કે તેમને કોઈક લાભ મળશે. જો કે, પહેલેથી જ એ સ્પષ્ટ કરાયું હતું કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિશે માહિતીની આપલે કરવા અને શીખવા માટે જ તેમની ભાગીદારી સાથે પીઆરએ હાથ ધરવામાં આવે છે. એનું કારણ એ હતું કે ઘણાં ગામોમાં પહેલી જ વાર વિકલાંગતાના પ્રશ્ને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે વાતચીત થતી હતી.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વાતચીત કરવા માટે ખૂબ આતુર હતી પરંતુ ઘણી વાર મોટાં જૂથોમાં તેઓ મોકળાશ અનુભવતી નહોતી, પરંતુ નાનાં જૂથોમાં તેઓ સાહજિકતા અનુભવતી હતી. જૂથ ચર્ચા દરમ્યાન મોટા ભાગની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પાછળ બેસી હતી અને તેમને પૂછવામાં આવે ત્યારે જ તે ચર્ચામાં ભાગ લેતી હતી. જ્યારે તેમને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે તેઓ અન્ય લોકોની વચ્ચે પોતાનાં મંતવ્યો વ્યક્ત કરતાં ખચકાય છે કારણ કે તેમણે કદી એમ કર્યું જ નથી. જૂથ ચર્ચા માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવા માટે ઘણા કિસ્સામાં ટુકડીના સભ્યોએ ફ્લેશ કાર્ડનો ઉપયોગ કર્યો. બીજા કેટલાક કિસ્સામાં વિકલાંગતા વિશેની એક ફિલ્મ બતાવવામાં આવી. મોટા ભાગના કિસ્સામાં સરપંચ, શાળાના આચાર્ય અને સમુદાયના અન્ય નેતાઓનો ખૂબ જ સારો સહકાર મળ્યો હતો. આવા કિસ્સામાં લોકોનો સહકાર મેળવવામાં મુશ્કેલી પડી નહોતી.

જૂથ ચર્ચાઓ અને સહભાગિતાની અન્ય પ્રક્રિયાઓ દરમ્યાન વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ વાતચીત કરવાની કોશિશ કરી હતી. જો કે, ૪૪ ટકા કિસ્સામાં કુટુંબના સભ્યો, સરપંચ કે જૂથમાંના અન્ય સભ્યોએ તેમને બોલતાં અટકાવ્યા હતા. તેનાથી તેઓ નિરુત્સાહ થયા અને કેટલાક કિસ્સામાં તો તેઓ અધવચ્ચે જ સભા છોડીને જતા રહ્યા. વિકલાંગ મહિલાઓના કિસ્સામાં એવું વિશેષ બન્યું. બધાં જ જૂથોનું તેમના પર વર્ચસ્વ હતું અને સભાઓમાં બોલતાં તેમને અટકાવવામાં આવ્યાં હતાં. તેમનાં પોતાનાં જ સગાંઓ અને મિત્રો દ્વારા તેમની સામાજિક બાદબાકી કરવામાં આવી છે અને તેઓ વધુ અસહાય બન્યા છે. તેમના ઘરમાં અને તેમનાં પરિવારો સાથે તેમની સાથે વાતચીત કરવા માટે વિશિષ્ટ પ્રયાસો કરવામાં આવ્યા. ઘણા કિસ્સામાં વિકલાંગ લોકોએ અલગ નકશો જમીન ઉપર, પ્રાકૃતિક રંગો સાથે તૈયાર કર્યો. એ રંગો તેમણે પોતે જ ભેગા કર્યા હતા. પીઆરએ પ્રક્રિયાના તે પછીના સામૂહિક વિશ્લેષણે વિકલાંગતા ધરાવતા લોકો પ્રત્યેનાં વલણ અને વર્તન વિશે જાગૃતિ ઊભી કરવામાં મદદ કરી.

જે ગામોમાં દલિતો અને બિન-દલિતો વચ્ચે વિભાજન હતું ત્યાં પણ એમ જ બન્યું. હિંદુઓ અને મુસ્લિમો બંને જે ગામોમાં હતા ત્યાં તેમને પીઆરએ વિશે શંકાઓ હતી. ૨૦૦૨નાં કોમી રમખાણોના સંદર્ભમાં ગ્રામવાસીઓ ખુલ્લામાં કશી ચર્ચા કરવા તૈયાર નહોતા. કેટલાક દિવસો સુધી સતત ગ્રામવાસીઓ સાથે સમય ગાળ્યો ત્યારે તેઓ કંઈક બોલ્યા. તે સમયે ટુકડીના સભ્યોએ ગ્રામવાસીઓને અને ગામના નેતાને સમગ્ર પીઆરએ પાછળનાં કારણો સમજાવ્યાં. આવાં ગામોમાં એક જ સામાજિક નકશો તૈયાર કરવાનું મુશ્કેલ હતું. મોટાં અને વિવિધ સમુદાયોવાળાં ગામોમાં અલગ અલગ જૂથો દ્વારા અલગ અલગ સામાજિક નકશાઓ તૈયાર કરવામાં આવ્યા. વળી, સામાજિક નકશામાં દરેક ઘર અલગ રીતે દર્શાવવામાં આવ્યું નહોતું. તેને બદલે, માત્ર વિસ્તારો બતાવાયા અને વિકલાંગ લોકોનાં ઘરો બતાવાયાં.

આ પ્રક્રિયામાં એક મહત્ત્વના પરિબળે મદદ કરી અને તે હતું લોકોની જાગૃતિ. પીઆરએ માટે જે કેટલાંક ગામોની પસંદગી કરવામાં આવી હતી તે સમુદાય-આધારિત પુનર્વસનનાં કામોમાં સામેલ હતાં જ. તેથી વિકલાંગતાના પ્રશ્ન વિશે તેમને થોડી ખબર હતી. આવા કિસ્સામાં લોકો ખૂબ જ સહકાર આપતા હતા.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની પ્રાથમિકતાઓ બાકીના સમુદાય કરતાં જુદી હતી. તે સંદર્ભમાં પીઆરએની કેટલીક પદ્ધતિઓમાં તેમના દૃષ્ટિકોણથી પાયાની સેવાઓની પ્રાપ્તિ તપાસવા માટે સુધારા-વધારા કરવામાં આવ્યા.

આલેખ તૈયાર કરતી વખતે ગ્રામવાસીઓએ તેઓ જે સેવા ઈચ્છે છે તેની આકૃતિ કોરા ગોળ કાગળ પર દોરી. તે એ જ હેતુ માટે રખાયો હતો. આ સવલતને જે મહત્ત્વ અપાયું તે વિકલાંગ લોકોના સંદર્ભમાં જણાવાયું. દા.ત. જો એકસમાન લોકો માટે સૌથી વધારે મહત્ત્વની સંસ્થા હોય તો તે શાળા છે, પણ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે એવું નથી. એનું કારણ એ છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે શાળામાંના દાદરા અવરોધ રૂપ બને છે.

હલનચલન અંગેના નકશા તૈયાર કરવાનું કામ તેમની હલનચલનની તરાહ તપાસવા માટે કરાયું. કેવી રીતે તેઓ હરેફરે છે, તેમનું પરિવહનનું સાધન કયું છે વગેરે. તેઓ તેમની મેળે જ હરેફરે છે કે પછી બીજા કોઈની મદદ લે છે તે જાણવા માટે કંઈક અંશે આ નકશામાં સુધારા-વધારા કરાયા. અમુક સ્થળોએ તેઓ કેટલી વાર જાય છે તે નક્કી કરવા માટે પણ આ નકશાનો ઉપયોગ કરાયો. તેથી સેવાઓ અને તકોના નકશામાં જ એ જણાવાયું. તેઓ ગામની બહાર કેટલી વાર જાય છે કે પછી તેઓ હંમેશાં ઘરમાં જ રહે છે એ નક્કી કરવાનું પણ આથી સરળ બન્યું.

# ૩. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નડતા અવરોધો

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની હાલની સ્થિતિ, તેઓ રોજેરોજ જે અવરોધોનો સામનો કરે છે અને તેમનાં પોતાનાં વલણો અને વર્તન કેવી રીતે આકાર પામે છે તે વિશેની સ્પષ્ટ સમજ ધરાવવાનું મહત્ત્વનું છે. મહિલાઓ અને ખાસ કરીને વિકલાંગ મહિલાઓ અસહાય હોય છે તેથી આ જૂથને જે સમસ્યાઓનો સામનો કરવો પડે છે તે અને તેમની વિશિષ્ટ જરૂરિયાતો વિશે સમજ કેળવવાનું અગત્યનું છે. યોગ્ય દરમ્યાનગીરી કરવા માટે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશના લક્ષ્યાંકને સિદ્ધ કરવામાં પણ તે ઉપયોગી થઈ શકશે.


આ પ્રકરણમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં જીવનચિત્ર, જરૂરિયાતો, અવરોધો અને વલણો કે વર્તન વિશે વાત કરવામાં આવી છે. મહિલાઓના દૃષ્ટિકોણથી વિકલાંગતાને સમજવા માટે પણ વિશિષ્ટ પ્રયાસ કરવામાં આવ્યો છે.

### ૩.૧ વિકલાંગતાનાં પ્રકારો અને કારણો

એમ જણાયું છે કે સ્ત્રીઓ કરતાં પુરુષોમાં વિકલાંગતાનું પ્રમાણ વધારે છે. સ્ત્રીઓમાં તે ૪૦ ટકા છે અને પુરુષોમાં ૬૦ ટકા છે. આનું એક સંભવિત કારણ એ છે કે સ્ત્રીઓ તેમની વિકલાંગતા પૂર્વગ્રહોને કારણે ઓછા પ્રમાણમાં જાહેર કરે છે. અભ્યાસ દરમ્યાન એમ જણાયું કે ગ્રામ વિસ્તારોમાં મહિલાઓ તેમની વિકલાંગતા છતાં તેમનું રોજી મેળવવા માટેનું કામ ચાલુ રાખે છે તેથી તેમાંની ઘણીબધી મહિલાઓને વિકલાંગ ગણવામાં આવતી નથી.

ભારતમાં પરિવારના સભ્યો તેમના પરિવારના સભ્યની વિકલાંગતા પરિવારને કલંક લાગવાના ભયને લીધે જાહેર કરતા ના હોય એમ પણ જાણવા મળ્યું છે. થોડીઘણી નાની વિકલાંગતા પરિવારના સભ્યો ઓળખી ના શકતા હોય એવા પણ કિસ્સા છે.[૯]

ઉંમર મુજબનું વર્ગીકરણ નીચે મુજબ છેઃ ૬ વર્ષથી નીચે-૫ ટકા, ૬થી ૧૮ વર્ષ-૨૮ ટકા, ૧૮થી ૪૫ વર્ષ ૭ ટકા અને ૪૫થી ૬૦ વર્ષ- ૧૩ ટકા. જે ઉંમરે વિકલાંગતા ઊભી થાય છે તે જોતાં જણાયું છે કે ૬૦ ટકા કિસ્સામાં વિકલાંગતા એક વર્ષથી ઓછી વયે આવે છે, ૧૦ ટકા કિસ્સામાં તે ૧થી ૬ વર્ષની વય દરમ્યાન આવે છે. એટલે કે ૭૦




આલેખ ૩.૧

[૯] 'જસ્ટ પીપલ... નથિંગ સ્પેશ્યલ, નથિંગ અનયુઝ્વલ'માં 'ડિસેબિલિટી ઇન ઇન્ડિયા', એક્શન એઈડ ઇન્ડિયા.

ટકા કિસ્સામાં તો તેઓ શાળાએ જાય તે પહેલાં જ વિકલાંગતા આવે છે. ભાવિ આરોગ્ય માટે આ ઉંમર સૌથી વધુ મહત્ત્વની છે તેથી એ અગત્યનું છે કે પોષણનું ઉચ્ચ કક્ષાનું સ્તર આ સમય દરમ્યાન જળવાય. ૧૫ ટકા લોકો ૧૮થી ૪૫ વર્ષની વય દરમ્યાન વિકલાંગ બને છે.

પોલિયો અને અન્ય પ્રકારની શારીરિક વિકલાંગતા ૬૨ ટકા કિસ્સામાં છે, ૧૩ ટકાને દષ્ટિની ખામી છે, ૧૧ ટકાને માનસિક ખામી હોય છે અને ૧૪ ટકા બહેરા-મૂંગા છે.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિને કે તેમના પરિવારના સભ્યોને વિકલાંગતાના કારણની ખબર નહોતી. ૫૪ ટકાને જન્મથી જ વિકલાંગતા હતી અને એમાં કારણોની ખબર પરિવારોને કે સમુદાયને નહોતી. ૨૭ ટકા કિસ્સામાં વિકલાંગતા કોઈક બીમારી/રોગ કે તબીબી સારવારમાં થયેલા વિલંબને કારણે આવી હતી. ઘણાં પરિવારોએ એમ કહ્યું હતું કે તેમના બાળકને ભારે તાવ આવ્યો હતો અથવા તેને ઈન્જેક્શન અપાયું હતું અને તેથી વિકલાંગતા આવી હતી. ૧૨ ટકાને વિકલાંગતા અકસ્માતને કારણે આવી હતી. એ નોંધવાનું મહત્ત્વનું છે કે પાયાની સેવાઓની પ્રાપ્યતા અને પહોંચ સાથે સંબંધિત હોય એવાં અનેક કારણો સમુદાયે જણાવ્યાં અને તેથી તે હિમાયતના પ્રશ્નો પણ છે.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની શારીરિક ક્ષમતાઓ ભારે મોટા પ્રમાણમાં જુદી જુદી હોય છે. તે એવો સ્પષ્ટ નિર્દેશ આપે છે કે તકો અને યોગ્ય વાતાવરણ ઊભું કરવાની જરૂર છે કે જેથી સમુદાયની અંદર જ તેઓ સ્વતંત્ર રીતે કાર્યો કરી શકે છે. અમારા નમૂનામાં ૭૪ ટકા વિકલાંગો ઊભા રહી શકે છે, ૭૦ ટકા ચાલી શકે છે અને ૮૭ ટકા આપમેળે ખાઈ શકે છે અને સ્નાન કરી શકે છે. જો કે, ૫૫ ટકા વિકલાંગો જ જાતે જ કોઈની પણ મદદ વિના ઘરની બહાર જઈ શકે છે, માત્ર ૪૪ ટકા જ વાંચી શકે છે. એનું કારણ એ છે કે બ્રેઈલ લીપિમાં પુસ્તકો કે ઓડિયો જેવી વસ્તુઓ દષ્ટિહીનોને આસાનીથી પ્રાપ્ય નથી. એનું એક કારણ એ પણ હોઈ શકે કે બહુ ઓછાં વિકલાંગ બાળકો શાળાએ જાય છે અને જેઓ શાળાએ જાય છે તેઓ અનેક અવરોધોને કારણે શાળાએ જવાનું છોડી દે છે. માત્ર ૨૦ ટકા વિકલાંગો જ પોતાનાં કામો કરી શકે છે.

## ૩.૨ સામાજિક કાર્યો અને જરૂરિયાતો

### ૩.૨.૧ સામાજિક જરૂરિયાતો

બીજા કોઈની પણ જેમ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સામાજિક અને માનસિક જરૂરિયાતો હોય છે. તેમને પણ મિત્રો, પડોશીઓ અને સમુદાયના અન્ય સભ્યો સાથે સંબંધો જાળવવાની જરૂર હોય છે. ઘણા લોકોને તો વિકલાંગ વ્યક્તિઓ સાથે પનારો પડ્યો જ હોતો નથી. પહોંચ, સામાજિક કલંક અને ગરીબીનાં કારણોસર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમનું જીવન લગભગ એકાંતમાં જ ગુજારે છે. એનસીપીઈડીપીના જાવેદ અબાલી જણાવે છે તેમ "એવાં હજારો પરિવારો છે કે જ્યાં બાળકોને સંતાડવામાં આવે છે."[૧૦]

આ અભ્યાસ દરમ્યાન જૂથ ચર્ચાઓમાં ભાગ લેવા માટે વિકલાંગતા ધરાવતી અનેક વ્યક્તિઓને બીજા લોકો લઈ આવ્યા હતા. જો કે, એવું સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું જ હતું કે તેમને આ પ્રક્રિયાથી કોઈ ભૌતિક લાભ થવાનો નથી. ચર્ચામાં જે તે વિકલાંગો કે વિકલાંગતાના વિષયે વિકલાંગો સાથે ત્યારે જ ચર્ચા થઈ કે જ્યારે તેમને તેમાં ભાગીદાર થવા માટે પ્રેરણા આપવામાં આવી.

આ તારણો એમ દર્શાવે છે કે સમુદાયમાં વિકલાંગો ખૂબ જ મર્યાદિત પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. અમારા

[૧૦]ડેવિડ બર્ન્સ્ટેઇન, 'હાઉ ટુ ચેન્જ ધ વર્લ્ડ', ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ન્યૂ યોર્ક-૨૦૦૪.



અભ્યાસમાં જણાયું કે માત્ર ૪૭ ટકાએ જ સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં હાજરી આપી હતી અને તેમાંય ૫૩ ટકાએ તો માત્ર ધાર્મિક પ્રસંગોમાં જ હાજરી આપી હતી. તેમને લગ્ન જેવા સામાજિક પ્રસંગોમાં હાજરી આપતાં તેમની વિકલાંગતાના કારણે રોકવામાં આવે છે, જ્યારે તેમાંના મોટા ભાગનાએ ધાર્મિક પ્રસંગોમાં હાજરી આપી હતી.

જૂથ ચર્ચાઓમાંથી એ વ્યક્ત થયું કે કેટલાક કિસ્સામાં તો મિત્રોએ પણ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની મુલાકાત લેવાનું બંધ કરી દીધું છે અને તેમની હલનચલનની ક્ષમતા મર્યાદિત છે તેથી તેમને માટે તેમને મળવા જવાનું મુશ્કેલ છે. સગાંઓ સામાન્યતયા તેમને ધાર્મિક પ્રસંગે ઉજવણીઓ દરમ્યાન મંદિરે કે મસ્જિદે લઈ જાય છે. એનું એક અગત્યનું કારણ એ છે કે લગભગ ૬૫ ટકા ગામોમાં કમ-સે-કમ એક મંદિર તો છે જ, કેટલાંક ગામોમાં તો ૫-૬ મંદિરો છે અને ૬ ટકા ગામોમાં મસ્જિદ પણ છે. તેઓ ગામની બહારનાં સ્થળોએ જતા નથી કારણ કે મંદિરનાં પગથિયાં જેવા અવરોધો તેમને નડતા હોય છે. કેટલીક વખત સામાન્ય માણસો વિકલાંગ વ્યક્તિઓને મંદિરે લઈ જાય છે ખરા પણ સામાજિક પ્રસંગોએ એવું બનતું નથી.

વિકલાંગતા ધરાવતી મહિલાઓ સામાજિક રીતે અસલામત જણાય છે, અભ્યાસમાં એવી અનેક પરિસ્થિતિઓ જાણમાં આવી કે જ્યારે મહિલાઓ સાથે દુર્વ્યવહાર થતો હોય કે તેમનું શોષણ થતું હોય. તેમના રક્ષણ માટે છોકરીઓને ગામની બહાર મોકલવામાં આવતી નથી અને મંદ બુદ્ધિ ધરાવતી મહિલાને પણ બહાર મોકલવામાં આવતી નથી. મહિલાઓને તેઓ સગર્ભા ના બને તે માટે વંધ્યીકરણનાં ઓપરેશન પણ કરાવવામાં આવે છે.

બનાસકાંઠા જિલ્લામાં કલ્યાણપુરા ગામે એક માતાએ એવી વાત કરી કે તેમણે કેવી રીતે તેમની ૧૯ વર્ષની વયની મંદબુદ્ધિ ધરાવતી દીકરી ઉપર સતત ચાંપતી નજર રાખવી પડે છે. તેમને ડર છે કે ગામના યુવાનો તેમની દીકરીનું જાતીય શોષણ કરી શકે છે.

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના કાણોતર ગામે અમને એક વિકલાંગ મહિલા વિશે વાત કરવામાં આવી. તે જે મિલમાં કામ કરતી હતી ત્યાં તેનું અનેક વાર જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. તે આર્થિક રીતે પછાત હતી તેથી તે નોકરી છોડી શકી નહિ. તે જ્યારે વિકલાંગ હતી ત્યારે તેના

પતિએ તેને છોડી દીધી હતી. તેનાં બાળકો માટે તે જ એક સહારો હતી.

### ૩.૨.૨ કૌટુંબિક જીવન

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સામાજિક દરજ્જાને સમજવા માટે તેમના લગ્નની સ્થિતિને સમજવી જરૂરી છે. ૫૪ ટકા પુખ્ત વિકલાંગ વ્યક્તિઓ પરણિત નથી. છ ટકા વિધવા કે વિધુર છે અને એક ટકા છૂટાછેટા પામેલ છે. ઘણા કિસ્સામાં છૂટાછેડા માટેનું કારણ લગ્ન પછી આવેલી વિકલાંગતા છે. એવા પણ ઘણા દાખલા છે કે જેમાં દંપતીના છૂટાછેડા ના થયા હોય, પણ પત્ની વિકલાંગ બની હોવાને લીધે પતિ-પત્ની અલગ અલગ રહેતાં હોય. ઘણા પુરુષો વિકલાંગ પત્નીઓને તેમનું ઘર છોડવાની ફરજ પાડે છે કે જેથી તેઓ અન્ય સ્ત્રીઓ સાથે રહી શકે. જો કે, મહિલાઓ પતિ વિકલાંગ બને તો પણ અને કશી કમાણી કરી શકે તેમ ના હોય તો પણ તેમના પતિની અને પરિવારની સંભાળ રાખવાનું ચાલુ રાખે છે. લગ્ન પછી વિકલાંગતા આવે તો તેવા કિસ્સામાં આવું જ બનતું હોય છે. એવા પણ કિસ્સા છે કે પત્ની વિકલાંગ બને તો પતિ બીજાં લગ્ન કરે છે અને પત્ની ઘરકામ કરવાનું ચાલુ રાખે છે.

અભ્યાસ એમ જણાવે છે કે ૫૯ ટકા વિકલાંગ પુરુષો પરણિત છે અને માત્ર ૪૧ ટકા વિકલાંગ સ્ત્રીઓ પરણિત છે. તમામ વયજૂથોમાં સ્ત્રીઓ કરતાં પુરુષોમાં લગ્નનું પ્રમાણ વધારે છે. ૪૦થી ૫૦ અને ૫૦ વર્ષથી વધુ વયનાં જૂથોમાં પરણિત મહિલાઓ કરતાં પરણિત પુરુષોનું પ્રમાણ બમણું છે.

રસપ્રદ બાબત એ છે કે વિશિષ્ટ જૂથ ચર્ચાઓ દરમ્યાન એમ જાણવા મળ્યું કે વિકલાંગ પુરુષો પત્ની તરીકે સામાન્ય સ્ત્રીઓ ઈચ્છે છે જ્યારે વિકલાંગ સ્ત્રીઓ સામાન્યતયા વિકલાંગ પુરુષોને અથવા તો સમાજના સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગોના લોકોને પરણે છે.

*ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના એક નાના ગામમાં રમીલાબહેન (નામ બદલાયુ છે) તેમના પતિ સાથે જીવે છે. તેમના પતિને વાઈનું દર્દ છે અને ઘણી વાર તેઓ કામે જતા નથી. રમીલાબહેન તેમના પરિવારનું ધ્યાન રાખે છે અને પડોશનાં ગામોમાં બંગડીઓ વેચીને પેટિયું રળે છે. તેઓ પોતાના ગામની વિકાસની પ્રવૃત્તિઓમાં પણ સામેલ છે. તેમના પતિની વિકલાંગતા છતાં તેઓ તેમના પતિ અને બે બાળકો સાથે જીવે છે અને તેમની તમામ જવાબદારીઓ ઉઠાવે છે.*

**દંપતીઓમાં વિકલાંગતાનું પ્રમાણ**

| જાતિ | સામાન્ય (ટકા) | વિકલાંગ (ટકા) |
|---|---|---|
| પુરુષ | ૮૧ | ૧૯ |
| સ્ત્રી | ૫૫ | ૪૫ |

સમુદાયના સામાન્ય લોકો અને વિકલાંગ લોકો સાથેની ચર્ચા દરમ્યાન અનેક કારણો બહાર આવ્યાં. સમુદાય સાથેની ચર્ચામાં એમ જણાયું કે લોકો વિકલાંગોને દયાને પાત્ર વસ્તુ ગણે છે, અને તેથી લગ્ન માટે યોગ્ય નથી એમ સમજે છે. એ જ રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પોતે પણ પોતાને નકામા સમજે છે અને લગ્નને એક બોજો ગણે છે.

- પુખ્ત વયના અડધા વિકલાંગોને જીવનસાથી મેળવવાનું મુશ્કેલ લાગે છે.
- ૬૦ ટકા પુખ્ત વયની મહિલાઓ લગ્ન કરી શકી નથી.
- ૪૦ ટકા પુખ્ત વયના પુરુષો પરણી શક્યા નથી.
- પરણિત વિકલાંગ પુરુષોમાં ૨૦ ટકાને વિકલાંગ પત્ની છે.
- પરણિત વિકલાંગ સ્ત્રીઓમાં ૪૫ ટકાને વિકલાંગ પતિ છે.

## ૩.૩ આર્થિક પ્રવૃત્તિઓ

### ૩.૩.૧ આર્થિક જરૂરિયાતો

વિકલાંગતા ગરીબી સર્જે છે અને ગરીબી વિકલાંગતા ઊભી કરે છે. વિકલાંગ વ્યક્તિ ગરીબ છે કારણ કે તે પોતાની વિકલાંગતાને કારણે આવક ગુમાવે છે. એ જ રીતે ગરીબો ટાળી શકાય તેવી વિકલાંગતાનો ભોગ બને છે. ખાસ કરીને અપોષણ અને જન્મ સમયની ઈજાઓને લીધે તેઓ વિકલાંગ બનતા હોય છે. ૧૯૯૫ના કાયદા છતાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમની વિકલાંગતાના કારણે રોજગારી આપવાનો ઈન્કાર કરવામાં આવે છે. જેઓ નોકરીના સમયગાળા દરમ્યાન વિકલાંગ બને છે તેમને સામાન્યતયા નોકરી છોડવાનું કહેવામાં આવે છે અથવા તેમને સીધી કે આડકતરી રીતે રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવે છે.

બિથોવન કે સ્ટિફન હોકિંગ્સ જેવી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ કેટલાંક ક્ષેત્રોમાં પોતાની નિપુણતા દર્શાવી છે. પણ તેમને સામાન્ય લોકો સામાન્ય બાબત નથી ગણતા, પણ અપવાદ ગણે છે.

એ પણ મહત્ત્વનું છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની કુશળતાઓ અને તેમની સુષુપ્ત શક્તિઓને પિછાણવામાં આવે. જ્યારે એ પિછાણવામાં આવતાં નથી ત્યારે તેઓ અશિક્ષિત અને બેકાર રહે છે. તેથી વધુ અસહાયતા અને શોષણ જન્મે છે.

*ટાટા સ્ટીલના એક કર્મચારી સમીર ઘોષે એક અકસ્માતમાં તેમના હાથ ગુમાવ્યા. તેઓ કહે છે કે, "મને આઈએએસની પરીક્ષામાં ન બેસવા દેવાયો કારણ કે હું ઘોડેસવારી ના કરી શકું. કોઈ કામ માટે કોઈ અધિકારીને ઘોડેસવારી કરતો હજુ સુધી મેં જોયો નથી."*[૧૧]

૧૯૭૭માં ભારત સરકારે સરકારી નોકરીઓમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ત્રણ ટકા અનામતની જાહેરાત કરી. પરંતુ સી અને ડી શ્રેણીના એટલે કે ક્લાર્કના કામ માટે જ તેને મર્યાદિત બનાવવામાં આવી. ખેદજનક બાબત એ છે કે નોકરીઓ મેળવનારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું પ્રમાણ એક ટકા ઉપર પણ પહોંચ્યું નથી.[૧૨] ભારત સરકારે ૧૪૦૦ નોકરીઓ વિકલાંગો માટે નક્કી કરી છે જે અનામત રખાઈ છે. જે એક બાબત અહીં નોંધવી જોઈએ કે આ નોકરીઓ માટે ઊંચા પ્રકારની કુશળતા અને લાયકાત જરૂરી છે અને તે મુખ્યત્વે શહેરી વસ્તી માટે વધારે અનુકૂળ છે. ગ્રામીણ યુવાનો માટે આ અનામતનો ઉપયોગ કરવાનું સરળ નથી.

સ્વરોજગારીની પરિયોજનાઓ હાથ ધરવા માટે 'રાષ્ટ્રીય ગૃહનિર્માણ અને નાણાં વિકાસ નિગમ' દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે. ગુજરાતમાં આ સહાય 'ગુજરાત રાજ્ય મહિલા આર્થિક વિકાસ નિગમ' દ્વારા આપવામાં આવે છે. જો કે, છેલ્લાં બે વર્ષથી કોઈ લોન અપાઈ નથી કારણ કે એ સંગઠને એ જવાબદારી અદા કરવાનું બંધ કર્યું છે.

અમારો અભ્યાસ એમ દર્શાવે છે કે ૧૮થી ૪૫ના વયજૂથમાંની ૯૩ ટકા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ આવક સર્જન માટે કૌશલ્યની કોઈ તાલીમ પ્રાપ્ત કરી નથી. જે ૭ ટકાને તાલીમ મળી હતી તેમને પણ તે કોઈ ઔપચારિક અભ્યાસક્રમથી મળી નથી. ઘણાબધાને તો વારસાગત રીતે જ થતા કામમાં તાલીમ મળી છે. આ વયગાળો સૌથી વધુ ઉત્પાદકતા ધરાવતો છે તે જોતાં અર્થતંત્રને આ જૂથનું પ્રદાન પ્રાપ્ત થતું નથી. વિવિધ સંગઠનોએ કરેલા અભ્યાસો એમ દર્શાવે છે કે દેશમાં ૭૦ લાખ વિકલાંગોને કામ મળી શકે તેમ છે પણ ૧૯૫૮થી ૧૯૯૮ દરમ્યાન સરકારી ક્ષેત્રમાં માત્ર ૧ લાખ

[૧૧] પ્રિથા સેન, ટ્રાઈંગ ટુ ગ્રો, 'આઉટલૂક', જુન-૧૯૯૮.

[૧૨] 'બેર ફેક્ટ્સ' - એનસીપીઈડીપી, ૧૯૯૯.



વિકલાંગ લોકોને જ કામ મળ્યું છે.[૧૩] વળી, એનસીપીઈડીપી એમ જણાવે છે કે ભારતમાં ૬ કરોડ વિકલાંગો છે અને તેમનું માસિક જીવનનિર્વાહ ખર્ચ રૂ. ૫૦૦ જ ગણવામાં આવે તો પણ તે રકમ વાર્ષિક ૩૬૦૦૦ કરોડ રૂ. થાય છે. જો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સ્વાવલંબી બનાવવામાં આવે તો ભારતની સંપત્તિ દર વર્ષે રૂ. ૩૬,૦૦૦ કરોડ જેટલી વધે તેમ છે.[૧૪]

જે ગામોમાં અભ્યાસ કરવામાં આવ્યો તે તમામ ગામોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને મર્યાદિત કૌશલ્યોમાં જ તાલીમ મળી છે. તેમાં ટોપલીઓ બનાવવી, વણાટકામ, ભરતકામ અને ટાઈપિંગનો સમાવેશ થાય છે.[૧૫] વિશેષ તાલીમ અને યોગદાન આપવાની તકના અભાવે તેમની સુષુપ્ત શક્તિઓ કામે લાગતી નથી અને તેઓ માત્ર પેટિયું રળવા જેટલી રકમ કમાવા કામ કરે છે. ઘણા કિસ્સામાં તેમના માલિકો પણ તેમનું શોષણ કરે છે. તેમની તાલીમ તેમને સારું જીવન જીવવા માટે પૂરતી કમાણી કરવામાં ઉપયોગી થતી નથી. ૫૩ ટકા લોકો કમાણી કરતા નહોતા. ૧૮થી ૪૫ના વયજૂથમાં ૩૪ ટકા વિકલાંગો માસિક રૂ. ૧૦૦૦થી ઓછી કમાણી કરતા હતા, ૮ ટકા રૂ. ૧૦૦૦થી ૨૦૦૦ની અને ૭ ટકા રૂ. ૨૦૦૦થી વધુ રકમની કમાણી કરતા હતા. ૪૫થી ૬૦ના વયજૂથમાં માત્ર ૩૫ ટકા લોકો જ કમાણી કરતા હતા.

ગામમાં આર્થિક પ્રવૃત્તિનું મુખ્ય સ્રોત ખેતી અને પશુપાલન છે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને ખાસ કરીને મહિલાઓ આ ક્ષેત્રમાં જ રોજગારી મેળવતી જણાઈ છે. ૬૦ ટકા ગામોમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે. પરંતુ ઘણાં ગામોમાં તે મકાનમાં ઉપલા માળે છે અને તેથી વિકલાંગો માટે ત્યાં પહોંચવું મુશ્કેલ બને છે.

[૧૩] એનસીપીઈડીપી: બેર ફેક્ટ્સ, www.ncpedp.org
[૧૪] એનસીપીઈડીપી દ્વારા ૧૯૯૯માં તૈયાર થયેલા એક ભીંતપત્રમાંથી.
[૧૫] ગુજરાતમાં આ કળા લોકો પરિવારના સભ્યો પાસેથી શીખે છે.

વિકલાંગતા ધરાવતી મહિલાઓ ઘરેલૂ પ્રવૃત્તિઓ અને આર્થિક પ્રવૃત્તિઓ બંનેમાં જોડાયેલી હોય છે જ્યારે એવા જ પ્રકારની વિકલાંગતા ધરાવતા પુરુષો કામ કરતા હોતા નથી. અમારો અભ્યાસ એમ જણાવે છે કે વિકલાંગતા ધરાવતી ૮૪ ટકા મહિલાઓ ઘરેલૂ કામકાજ કે આર્થિક પ્રવૃત્તિમાં સામેલ છે. ગ્રામ વિસ્તારોમાં સ્ત્રીઓ ખેતીમાં સામેલ હોય છે, જ્યારે શહેરી વિસ્તારોમાં તેઓ સીવણકામ, ભરતકામ, શાકભાજીનું વેચાણ વગેરે કામ કરે છે અને રોજમદાર તરીકે પણ કામ કરે છે. વિકલાંગ પુરુષો કરતાં વધારે પ્રમાણમાં વિકલાંગ મહિલાઓ ઘરેલૂ અને આર્થિક પ્રવૃત્તિઓમાં સામેલ હોય છે.

વ્યવસાયી તાલીમ મેળવનારા વિકલાંગ લોકોની સંખ્યા સાથે તેમની રોજગારી કે આવકની સ્થિતિનો સંબંધ જોડતાં એમ કહી શકાય કે ગ્રામ વિસ્તારોમાં લોકોને જરૂરિયાત-આધારિત તાલીમ આપવાની જરૂર છે. એ નોંધવું અગત્યનું છે કે ભારતમાં ૮૦ ટકા આર્થિક પ્રવૃત્તિઓ અનૌપચારિક ક્ષેત્રોમાં થાય છે. તેથી અનૌપચારિક ક્ષેત્રમાંનાં કામો માટે જે પ્રકારનાં કૌશલ્યોની જરૂર છે એમને પિછાણવાની જરૂર છે. તેનાથી લોકોને માત્ર આર્થિક રીતે સ્વતંત્ર થવામાં જ મદદ નહિ મળે પરંતુ મોટા પ્રમાણમાં બેકાર યુવાનોને સામાજિક સલામતી પૂરી પાડવાનો સરકારનો બોજો પણ તેનાથી ઘટશે.

લાભદાયી રોજગારી માટેની સમાન તકના અભાવને લીધે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમના કુટુંબના સભ્યો ઉપર કે અન્ય લોકો ઉપર પોતાના જીવનનિર્વાહ માટે આધાર રાખતા હોય છે. તેઓ સામાન્ય લોકોની દયા પર જીવતા હોય છે. જો કે, આ અભ્યાસ દરમ્યાન અમને એવા કિસ્સા જોવા મળ્યા કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ તેમનાં પરિવારોની આર્થિક જવાબદારી ઉઠાવી હોય.

*ઈડર તાલુકાના ઉમેદપુરા ગામમાં કરસનભાઈ (નામ બદલાયું છે) રહે છે. તેઓ વિકલાંગ છે. તેમણે ટોપલીઓ બનાવવાની વ્યવસાયી તાલીમ મેળવી. જો કે, તેઓ પોલિયોગ્રસ્ત પગ ખેંચીને ગામમાં ફરતા જોવા મળ્યા. તેમણે તેમનો ધંધો ઊભો કરવાનો પૂરતો પ્રયાસ કર્યો, અને વ્યવસાયી કુશળતાનો ઉપયોગ કરવાની ઈચ્છા ધરાવી પણ તેમને વસ્તુઓ વેચવાની અને હિસાબ જાળવવાની મુસીબત નડતી હતી. તેમને એ ધંધો લગભગ શરૂ થાય તે પહેલાં જ બંધ કરી દેવાની ફરજ પડી. તેઓ કહે છે: "મને તરત જ ખબર પડી કે ઘણા લોકો આ ધંધામાં છે અને મારા કરતાં વધારે સારી કુશળતા ધરાવે છે."*

માધ્યમો ઘણી વાર વિકલાંગોને ભીખ માગતા કે અન્ય પ્રકારના આશ્રિતોની ભૂમિકામાં દોરે છે. જો કે, વિકલાંગોની શક્તિઓ, તેમની જરૂરિયાતો, કૌશલ્યો અને બાહ્ય વાતાવરણમાં ભળી જવાની તેમની શક્તિઓને માધ્યમો હવે ધીમે ધીમે પ્રકાશમાં લાવી રહ્યાં છે. ફિલ્મો[૧૬] લોકોને સંવેદનશીલ બનાવવા માટે ખૂબ જ શક્તિશાળી અસર ઊભી કરી શકે છે. તેથી સમુદાયનું માનસ બદલવા માટે વધુ દૃશ્ય-શ્રાવ્ય સાધનો ઉત્પન્ન કરવાની અને દર્શાવવાની જરૂર છે.

## ૩.૪ વિશિષ્ટ જરૂરિયાતો

સામાન્ય વ્યક્તિઓની હોય તેવી તમામ જરૂરિયાતો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને હોય છે જ, પણ તેમની કેટલીક વિશિષ્ટ જરૂરિયાતો પણ હોય છે. ભારત સરકારે ૧૯૯૫ના કાયદામાં કેટલીક જોગવાઈઓ કરી છે. ગૌરવપૂર્ણ જીવન જીવવા માટેના તમામ અધિકારો વિકલાંગતા ધરાવતી

[૧૬] વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ક્ષમતાઓ વિશે 'અન્હર્ડ વોઈસ' નામે એક દસ્તાવેજી ફિલ્મ 'એક્શન ઓન ડિસેબિલિટીઝ એન્ડ ડેવલપમેન્ટ ઇન્ડિયા'એ બનાવી છે. તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ક્ષમતા વિશે અને અન્ય સંબંધિત પ્રશ્નો વિશે કામ કરનારું બેંગલોરનું સંગઠન છે. આ ફિલ્મ ગુજરાતીમાં રૂપાંતરિત કરાઈ અને અભ્યાસના ક્ષેત્રમાં તે દર્શાવાઈ. તેનાથી વિકલાંગોની ક્ષમતાઓ વિશે સમુદાયોમાં જાગૃતિ વધી અને તેમના પ્રશ્નો વિશે વધુ સારી સમજ વિકસી.

વ્યક્તિઓને મળે તે જોવા માટે આ કાયદો ઘડાયો. કેટલીક મહત્ત્વની જોગવાઈઓમાં વિકલાંગતાનું પ્રમાણપત્ર આપવાની જોગવાઈનો સમાવેશ થાય છે. તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમના માટે ખાસ પૂરી પાડવામાં આવતી સરકારી સેવાઓ મેળવવામાં મદદ કરે છે.

જે ૬૩ વિસ્તારોમાં અભ્યાસ કરાયો તેમાં ૭૧ ટકા વિકલાંગો પાસે વિકલાંગતાનું પ્રમાણપત્ર હતું. બાકીના પાસે પ્રમાણપત્ર ન હોવાનું મુખ્ય કારણ એ હતું કે તેમનાં ગામોમાં આવું પ્રમાણપત્ર આપવાની શિબિરો યોજવામાં આવી નહોતી અને જે સંસ્થા કે સ્થળે પ્રમાણપત્ર મળે છે તે ઘણાં દૂર છે. તેમને એવાં મિત્રો કે સગાંવહાલાં નથી કે જેઓ તેમને એ પ્રમાણપત્ર મેળવવા માટે લઈ જાય. ૧૯ ટકાને તો ખબર જ નહોતી કે આવું કોઈ પ્રમાણપત્ર મળે છે.

જેમની પાસે પ્રમાણપત્ર હતું તેમણે બસ પાસ કે શિક્ષણ માટે શિષ્યવૃત્તિ વગેરે જેવા લાભો મેળવવા માટે જ તેનો ઉપયોગ કર્યો હતો. મોટા ભાગનાં પરિવારોને એ ખબર નહોતી કે વિકલાંગતા ધરાવતાં બાળકોને જો ડૉક્ટરનું પ્રમાણપત્ર મળે તો શિક્ષણ માટે તેમને શિષ્યવૃત્તિ મળી શકે છે. જે વિકલાંગોએ શિષ્યવૃત્તિ મેળવી હતી તેમણે અનુસૂચિત જાતિની અનામત શ્રેણીમાં તે મેળવી હતી. માત્ર ૩ ટકા વિકલાંગોને જ નિયમિત ધોરણે સરકાર તરફથી નાણાકીય ટેકો મળતો હતો.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સરકારી યોજનાઓ અન્વયે વિનામૂલ્યે સાધનો આપવાની જોગવાઈ કરવામાં આવી છે. તે માટે વિશેષ સંસ્થાઓ પણ છે. જો કે, મોટા ભાગની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને આ સાધનો મળતાં નથી અને તેમને અન્ય રીતે વળતર અપાય છે. તેનું કારણ જાગૃતિનો અભાવ છે. અભ્યાસમાં જણાયું છે કે ૫૫ ટકા વિકલાંગો આ સાધનોનો ઉપયોગ કરતા નહોતા. જો કે, ૨૦ ટકાએ આ અંગે કોઈ માહિતી આપી નહોતી.

ઘણી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ આ સાધનોનો ઉપયોગ કરવા માગતી નહોતી કારણ કે તેમણે તેમની સ્થિતિને અનુકૂળ થઈ જવાનું સ્વીકારી લીધું છે અને તેઓ તેમની જીવન જીવવાની એ તરાહ બદલવા માગતા નથી. બીજું એક કારણ એ હતું કે તેમને ગામમાં જ એ સાધનોનું સમારકામ કરાવવાનું મુશ્કેલ લાગતું હતું. વ્હીલચેરનો ઉપયોગ કરવામાં આવતો નહોતો કારણ કે ગ્રામ વિસ્તારોમાં કાદવકીચડવાળા અને ઉબડખાબડ રસ્તા પર તે ચલાવવાનું તેમને મુશ્કેલ લાગતું હતું. પરિવહન માટે ટ્રાઈસિકલ્સ વધારે પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવતી હતી. ઘણા લોકોને એની પણ ખબર નહોતી કે આવક અને વિકલાંગતાનાં પ્રમાણપત્રો આપવામાં આવે તો સરકારી યોજનાઓ અન્વયે વિનામૂલ્યે સાધનો પ્રાપ્ત થતાં હતાં.

## ૩.૫ સેવાઓની પ્રાપ્તિ

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પર્યાવરણીય અને ભૌતિક અવરોધોને કારણે જ અનેક અવરોધોનો સામનો કરવો પડે છે. ઘણી વાર તેઓ મુખ્ય પ્રવાહના સમાજથી તરછોડાયેલા રહે છે અને તેમાંથી તેમની બાદબાકી થઈ જાય છે તેનું કારણ એ છે કે મોટા ભાગનાં જાહેર સ્થળોએ તેઓ પહોંચી શકતા નથી. રસ્તાઓ, પરિવહન, જાહેર મકાનો અને જાજરૂની ડિઝાઈન માત્ર સાજાનરવા લોકોને ધ્યાનમાં રાખીને જ તૈયાર કરવામાં આવે છે.[૧૭]

[૧૭] પ્રો. એસ. બલરામ તેમના 'બેરિયર ફ્રી-આર્કિટેક્ચર' નામક લેખમાં લખે છે કે, "આપણે એવી ધારણા સાથે મકાનો બનાવીએ છીએ કે હંમેશાં બધા જ લોકો યુવાન અને બરાબર સાજાનરવા રહેવાના છે." "શું જે બાંધકામ થયું છે ત્યાં બાળકો, વૃદ્ધો, સગર્ભા સ્ત્રીઓ કે થોડા સમય માટેની કે કાયમી કોઈ પણ પ્રકારની વિકલાંગતા ધરાવતી આપણામાંની કોઈ વ્યક્તિ ત્યાં આસાનીથી જઈ શકે છે?" તેમના મતે સમાજના આ વર્ગ પ્રત્યે જે બેદરકારી રાખવામાં આવે છે તે સમાનતા અને ભેદભાવવિહીન વ્યવહાર જેવા પાયાના માનવ અધિકારોનો ભંગ જ છે.

## *વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે સરકારી જોગવાઈઓ*

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ટેકો પૂરા પાડવા માટે અને શક્ય હોય ત્યાં સુધી તેમને સ્વાવલંબી બનવામાં સહાયરૂપ થવા માટે ભારત સરકારે તેમને માટે અને તેમનાં પરિવારો માટે અનેક જોગવાઈઓ કરી છે. તેમાં ૧૮ વર્ષની વય સુધી મફત શિક્ષણ, અમુક નોકરીઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત, પ્રવાસમાં રાહત, સાધનોની જોગવાઈ, આવક વેરામાં રાહત, ગૃહ નિર્માણ, વ્યવસાયી તાલીમ, સાહસિકતાની કેળવણી માટે તાલીમ અને સ્વરોજગારી માટે સહાય વગેરેનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં માળખાગત સવલતો અને મકાનોને ૧૯૭૬ના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારાનાં નિયમનો અનુસાર આસાન પહોંચવાળાં બનાવવા માટે અમદાવાદ નિયમનોમાં મકાનો અને જાહેર સ્થળોને અવરોધ-મુક્ત બનાવવા માટે જોગવાઈઓ કરવામાં આવી છે. જો કે, આવી જોગવાઈઓનો વ્યવહારમાં અમલ થયો નથી. ગ્રામ વિસ્તારોમાં તો આ પરિસ્થિતિ વધારે ખરાબ છે કારણ કે રસ્તાઓ ખરાબ છે અને બીલ્ડરોમાં આ વિશે જાગૃતિ નથી.

લાંબી અને કંટાળાજનક કાર્યવાહીઓ અને નોકરશાહી વ્યવસ્થાને લીધે પાયાની સેવાઓ અને ટેકારૂપ વ્યવસ્થાનો લાભ નથી મળતો એ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે બીજો એક મોટો અવરોધ છે. વધુમાં, તેમની જિંદગી વધુ આરામદાયક બની શકે તેવી અનેક બાબતો વિશે લોકો ખૂબ જ ઓછી માહિતી ધરાવે છે. પ્રવર્તમાન સેવાઓ અને સાધનો વિશેનું અજ્ઞાન એ એક પ્રકારનો અવરોધ છે.

કેટલીક સેવાઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ મેળવી શકે છે. જેમ કેઃ શાળા, આરોગ્ય કેન્દ્રો, બસ સ્ટોપ, ટેલિફોન બૂથ, ધાર્મિક સ્થળો, બેંકો, રોજિંદી વપરાશની ચીજો માટેની દુકાનો વગેરે.

### ૩.૫.૧ શિક્ષણની પ્રાપ્તિ

અભ્યાસમાં આવરી લેવાયેલી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓમાં ૫૭ ટકા નિરક્ષર છે અને ૪૩ ટકા સાક્ષર છે. જો કે, ૩૫ ટકા સ્ત્રીઓ સાક્ષર છે પણ પુરુષોમાં તેમના કરતાં વધારે ૪૮ ટકા સાક્ષર છે. ૬૫ ટકા સ્ત્રીઓ કદી પણ શાળાએ ગઈ નથી કારણ કે છોકરાઓને શાળાએ જવા માટે વધારે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

શાળાનાં જુદાં જુદાં ધોરણોમાં વિકલાંગતા ધરાવતાં છોકરા અને છોકરીઓનું ટકાવારી પ્રમાણ જોઈએ તો સ્પષ્ટપણે દેખાઈ આવે છે કે છોકરીઓ કરતાં વધારે છોકરાઓ શાળાએ જાય છે. જેમ જેમ ઉપલાં ધોરણો તરફ નજર ફેંકીએ છીએ તેમ એ ખાઈ વધતી જાય છે. નીચેના આલેખ પરથી એ બાબત સ્પષ્ટ થાય છેઃ

વિકલાંગ છોકરાઓ કરતાં વિકલાંગ છોકરીઓમાં શાળા અધવચ્ચે છોડી જવાનું પ્રમાણ વધારે છે. માબાપો જણાવે છે કે વિકલાંગ છોકરીઓનો તેમની

**કોઠા નં. ૩.૨: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓમાં સાક્ષરતાનું સ્તર**

| | સાક્ષર (ટકા) | નિરક્ષર (ટકા) | કુલ (ટકા) |
|---|---|---|---|
| **સ્ત્રી** | ૫૨ | ૪૮ | ૭૦૬ (૬૧) |
| **પરુષ** | ૬૫ | ૩૫ | ૪૪૮ (૩૯) |
| **કુલ** | ૬૫૬(૫૭) | ૪૯૮(૪૩) | ૧૧૫૪ (૧૦૦) |



વગેરે બાબતો વિકલાંગ બાળકોને ઔપચારિક શિક્ષણ મેળવતાં રોકે છે.


પોતાની મક્કમતાને લીધે જે વિકલાંગ બાળકો પ્રાથમિક શાળામાં પોતાનું નામ દાખલ કરાવે છે તેમને ઘણી વાર માધ્યમિક શાળા માટે ગામની બહાર જતાં પરિવારના સભ્યો જ રોકતા હોય છે. અભ્યાસમાં એમ જણાયું છે કે ૪થી ૧૮ વર્ષની વયનાં ૩૫૪ બાળકો છે. તેમાંથી માત્ર ૨૦૩ એટલે કે ૫૭ ટકા બાળકો જ ખરેખર શાળામાં હાજરી આપે છે.

નીચે શાળાએ જતાં બાળકોનું ચિત્ર આપવામાં આવ્યું છે. તે એમ દર્શાવે છે કે ૧થી ૪ ધોરણની પ્રાથમિક શાળામાં ૩૮ ટકા બાળકો છે, ૫થી ૭ ધોરણની શાળાનાં ૨૬ ટકા બાળકો છે અને ૮થી ૧૦ ધોરણમાં ૨૧ ટકા છે અને ઉચ્ચતર માધ્યમિક એટલે કે ૧૧મા અને બારમા ધોરણમાં ૬ ટકા બાળકો છે. જે ૨૦૩ બાળકો શાળાએ જાય છે તેમાંથી ૬ ટકા બાળકોએ જ ૧૦મું ધોરણ પાસ કર્યું છે અને તેમનો અભ્યાસ તેમણે ચાલુ રાખ્યો છે. શાળાએ જતાં બાળકોમાંથી ૪૫ ટકાથી વધુ બાળકો પાંચમા ધોરણથી નીચે એટલે કે પ્રાથમિક શાળામાં ભણે છે.


નબળાઈને અને અસહાયતાને લીધે પુરુષો લાભ ઉઠાવે એવી શક્યતાઓ રહે છે. આવી સામાજિક અસલામતીને કારણે માબાપો તેમની છોકરીઓને ગામની બહાર આવેલી શાળાએ મોકલતાં અચકાય છે. ઉપરાંત, જાજરૂ અને પીવાના પાણીની સવલતો સુધીની પહોંચના અભાવે પણ આ છોકરીઓનું શાળાએ જવાનું મુશ્કેલ બને છે.

૯૮ ટકા ગામોમાં પ્રાથમિક શાળાઓ છે, જ્યારે ૨૦ ટકા ગામોમાં જ માધ્યમિક શાળાઓ છે. આથી પ્રાથમિક શિક્ષણ પછીનું શિક્ષણ મેળવવાનું ગ્રામ વિસ્તારોનાં બાળકો માટે મુશ્કેલ બને છે, કારણ કે તેમણે શાળાએ જવા માટે લાંબા અંતર સુધી ચાલવું પડે છે, અથવા પ્રયાસ કરવો પડે છે. આ પ્રકારના સંજોગો વિકલાંગ બાળકો માટે શાળાએ જવા માટે મુખ્ય અવરોધો બને છે. વધુમાં, શાળાઓનું ભૌતિક માળખું પણ અવરોધ-મુક્ત હોતું નથી. ઉબડખાબડ રસ્તા, દાદરા, જાજરૂની સવલતોનો અભાવ






આલેખ ૩.૨




આલેખ ૩.૩


અને તેમને પરિવારની સારસંભાળ લેવાની છે તેથી તેમણે શિક્ષણ મેળવવાની જરૂર નથી એમ માનવામાં આવે છે.

ગામની બહાર શાળાએ જવામાં છોકરીઓ અને ખાસ કરીને વિકલાંગ છોકરીઓ ઉપર ભારે નિયંત્રણો હોય છે. વિકલાંગ છોકરીઓની માતાઓ સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે વિકલાંગ છોકરીઓનું જાતીય શોષણ થવાની શક્યતાઓ હોય છે કારણ કે કેટલાંક તત્ત્વો તેમની અસહાયતાનો લાભ લેવા માગતાં હોય છે. તેને પરિણામે જ માબાપો તેમની દીકરીઓને ગામની બહાર શાળાએ મોકલવા માટે તૈયાર થતાં નથી.


### ૩.૫.૨ પ્રાથમિક આરોગ્ય સંભાળની પ્રાપ્તિ

અભ્યાસ હેઠળ આવરી લેવાયેલાં ૬૩ ટકા ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નહોતું. આ ગામો નજીકનાં ગામોનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા આવરી લેવાયેલાં હતાં.

વિકલાંગતા ધરાવતાં ઘણાં બાળકો અનેક કારણોસર શાળા અધવચ્ચે જ છોડી દે છે. એમ જણાયું છે કે તેઓ ધોરણ-૪ પછી અથવા તો ધોરણ-૭ પછી શાળા છોડી દે છે. જે કારણો દર્શાવવામાં આવ્યાં છે તે પહેલા ધોરણમાં ઓછા દાખલા માટે હોય તે જ પ્રકારનાં છે. છોકરીઓમાં શાળા છોડી જવાનું પ્રમાણ વધારે છે કારણ કે શાળામાં જાજરૂની સવલતો નથી. વળી, એમ પણ માનવામાં આવે છે કે છોકરીઓ તો પરણી જવાની છે



**વાસણા - ચપાટી આલેખ**




સમુદાય સાથેની વાતચીતમાં એમ જાણવા મળ્યું કે સરકારી પરિચારિકા અમુક દિવસોએ દરેક ગામની નિયમિત રીતે મુલાકાત લે છે. ગુજરાતમાં પ્રાથમિક આરોગ્ય અંગેના અભ્યાસો એમ દર્શાવે છે કે ઘણાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોની હાજરી અનિયમિત હોય છે.[૧૮] ગ્રામ વિસ્તારોમાં ૬૦ ટકા વસ્તી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જતી નથી અને ખાનગી દવાખાનો જવાનું પસંદ કરે છે. આદિવાસી વિસ્તારોમાં આ પ્રમાણ ૯૦ ટકા છે.

ગામમાં ચપાટી (રોટલા) આલેખ[૧૯]ની સહભાગી રમત રમાઈ અને તેના દ્વારા ગામમાંની સંસ્થાઓ કે સેવાઓના ક્રમાંકન વિશેની માહિતી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને માટે તેમના મહત્ત્વ અને કામગીરીના સંદર્ભમાં એકત્ર કરવામાં આવી. ઘણાં ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નાનું હતું અને તેની સેવાઓ પ્રાપ્ય નહોતી કે ખરાબ હતી તે દર્શાવતું નાનું વર્તુળ અનેક ગામોમાં હતું. સાબરકાંઠામાં કેટલાંક ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે કોઈ વર્તુળ નહોતાં થયાં જે એમ બતાવે છે કે ત્યાં ડૉક્ટર કદી આવતા નથી.

માહિતી એમ દર્શાવે છે કે ૨૭ ટકા વિકલાંગતાનું કારણ રોગ અને/અથવા ખરાબ તબીબી સારવાર છે. તે આરોગ્ય સેવાઓનું નીચું ધોરણ અને ગામમાં પ્રાથમિક આરોગ્ય સંભાળ ન મળતી હોવાનું દર્શાવે છે. વિશિષ્ટ સંભાળ સામાન્યતયા જિલ્લા કે તાલુકા સ્તરે જ પ્રાપ્ય હોય છે અને તેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે તે મેળવવાનું વધારે મુશ્કેલ બને છે.

અમને ઘણી વાર જણાયું કે ગ્રામ આરોગ્ય કાર્યકરો માનસિક બીમારી અને મંદ બુદ્ધિ પણ વિકલાંગતાના પ્રકારો છે તેનાથી અજાણ છે. વળી, સામાન્યતયા મોટા ભાગનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના કર્મચારીઓ વિકલાંગતાનાં વિવિધ કારણો વિશે મર્યાદિત માહિતી ધરાવતા હોય છે. વિકલાંગતામાં પરિણમી શકે તે પ્રકારની બીમારીઓ વિશે આરોગ્ય કાર્યકરોનું શિક્ષણ વિકલાંગતાનું એકંદર પ્રમાણ ઘટાડવામાં અસરકારક બની શકે છે.

આંગણવાડીઓ 'સંકલિત બાળ વિકાસ સેવા'

---

[૧૮] 'હેલ્થ મોનિટર' - ફાઉન્ડેશન ફોર રિસર્ચ એન્ડ હેલ્થ સીસ્ટમ-અમદાવાદ-૧૯૯૭, અને 'ધ સ્ટેટ ઓફ અવર પ્રાઈમરી હેલ્થ સેન્ટર્સ - એ સ્ટડી ઓફ ૪૦ પીએચસીઝ ઈન ગુજરાત', ઉન્નતિ-૧૯૯૭.

[૧૯] દરેક ગામમાં કોઈ સંસ્થા કે સેવા માટે સંદર્ભનું સ્તર દર્શાવવા માટે કાગળના ગોળ ટુકડાનો ઉપયોગ આ રમતમાં કરવામાં આવે છે. ગોળ ટુકડાનું કદ મહત્ત્વનું સ્તર દર્શાવે છે. ગોળ ટુકડાનું જેમ કદ મોટું તેમ પસંદગી વધારે અને જેમ કદ નાનું તેમ પસંદગી ઓછી.




(આઈસીડીએસ)નો ભાગ છે. તે સગર્ભા માતાઓ અને ૬ વર્ષની વય સુધીનાં બાળકોને પૂરક પોષણ પૂરું પાડે છે. અભ્યાસ હેઠળનાં ૯૫ ટકા ગામોમાં આંગણવાડી હતી. જો કે, સમુદાયને તેની સેવાઓ પ્રાપ્ત થતી નહોતી.

અમારા અભ્યાસમાં જણાયું છે કે ૫૦ ટકાથી વધારે વિકલાંગો જન્મથી જ વિકલાંગ હતાં.[૨૦] ઘણી વાર આવી વિકલાંગતા જન્મ પછીની ખરાબ સંભાળ, અપર્યાપ્ત પોષણ અને સગર્ભાવસ્થા દરમ્યાન સંપૂર્ણ રસીકરણના અભાવને પરિણામે ઊભી થાય છે. આવાં બાળકોને આંગણવાડીની સેવાઓ બિલકુલ પ્રાપ્ત થતી નથી.

### ૩.૫.૩ અન્ય સેવાઓની પ્રાપ્યતા

૯૦ ટકા લોકોએ એમ કહ્યું કે તેઓ જાહેર ટેલિફોન બૂથ પર જઈ શકતા નથી. ૬૦ ટકા જેટલાં ગામોમાં નાની દુકાનો છે, પણ વસ્તુઓ વધારે મોંઘી છે અને જો જથ્થાબંધ પ્રમાણમાં વસ્તુઓ જોઈતી હોય તે લોકોએ ગામથી દૂર આવેલા બજારમાં તે લેવા જવું પડે છે.

મોટા ભાગનાં ગામોમાં બસ સ્ટોપ નથી, સગર્ભા સ્ત્રીઓ અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પરિવહનની સવલતના અભાવે નજીકના શહેરમાં હોસ્પિટલે જવાની પણ મુશ્કેલી પડે છે. ગ્રામ વિસ્તારોમાં ઘરમાં જ પ્રસૂતિ સર્વસામાન્ય બાબત છે. તાલીમ નહિ પામેલી દાયણોના હાથે બાળકનો જન્મ એ બાળક ખામીવાળું જન્મે તેનું જોખમ વધારી દે છે.


લગભગ ૭૬ ટકા ગામોમાં બેંક નથી. લોકો સામાન્યતયા ગામની બહારની બેંકે મુલાકાત લેતા હોય છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિ માટે આ

---

[૨૦] ૧૩ સ્થાનિક સંગઠનો સાથે ભાગીદારીમાં આ અભ્યાસ કરાયો છે અને તેમાંનાં નવ સાબરકાંઠામાં છે. આ વિસ્તારોમાં પાણીમાં ફ્લોરાઈડ અને આર્સનિકનું પ્રમાણ વધારે છે. સ્થાનિક લોકો એમ માને છે કે જન્મથી વિકલાંગતા હોવાનું કારણ આ છે.

**સેવાનું સ્થાન અને અસ્તિત્વ દર્શાવતો સેવા અને તક નકશો**

મુ. કુમ્પ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા




એક વધુ અવરોધ છે. તેઓ જે થોડીઘણી રકમ પણ કમાય છે તેમાંથી સલામત બચત તેઓ કરી શકતા નથી. જૂથ ચર્ચાઓમાંથી એમ જાણવા મળ્યું કે મોટા ભાગના આવા કિસ્સાઓમાં તેમની આવક કુટુંબના સભ્યોની મિલકત બની જતી હોય છે.

## ૩.૬. સામાજિક અને વલણલક્ષી અવરોધો

વ્યક્તિના એકંદર વિકાસનો આધાર તેના કુટુંબ અને મિત્રો તથા સમુદાયના વલણ અને વર્તન ઉપર મહદંશે રહેતો હોય છે. વિધાયક વલણનો અર્થ એ છે કે બીજાની કુશળતા અને શક્તિઓમાં વિશ્વાસ અને તેને વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલ થવા માટે પ્રોત્સાહન આપવું. નકારાત્મક વલણનો અર્થ અસહકાર છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યેનાં વલણ અને વ્યવહારની બાબતમાં પણ આ બાબત સાચી છે. અમારા અભ્યાસમાં અમે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે સમાજનાં અને તેમનાં પોતાનાં વલણ અને વર્તન કેવાં છે તે જોવાનો પ્રયાસ કર્યો છે.

સમુદાય સાથેની ઔપચારિક અને અનૌપચારિક વાતચીતને આધારે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યેના સામાન્ય લોકોના વલણ વિશેની સમજ

**કોઠા નં. ૩.૩: અન્ય સેવાઓની પ્રાપ્તિ (ટકા)**


| | પોસ્ટ ઓફિસ | બેંક | દુકાન | ટેલિફોન | બસ-સ્ટોપ |
|---|---|---|---|---|---|
| હા | ૨૬ | ૨૪ | ૬૫ | ૭ | ૩૨ |
| ના | ૭૪ | ૭૬ | ૩૫ | ૯૩ | ૬૮ |

કેળવવાનો પ્રયાસ કર્યો છે. અમે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં કૌશલ્યો અને શક્તિઓ વિશે વાતચીત કરી અને સામાન્ય લોકો તથા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વચ્ચેની વાતચીતને ખૂબ જ નજીકથી જોઈ. ગામના અનેક એવા હિતધારકો સાથે મુલાકાતો પણ થઈ કે જેઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જીવન ઉપર પ્રભાવક અસર પાડે છે. તેમાં ગામના સરપંચ, તલાટી, આરોગ્ય ક્ષેત્રના અધિકારીઓ, શાળાના શિક્ષકો અને સમુદાય-આધારિત સંગઠનો, મહિલા જૂથો અને સ્વ-સહાય જૂથો જેવાં ગામમાં જ પ્રવર્તમાન જૂથો વગેરેનો સમાવેશ થાય છે. તેનો હેતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યેનાં વલણોનું દસ્તાવેજીકરણ કરવાનો હતો.

૭૫ ટકા ગામોમાં સરપંચે વિકલાંગ લોકો સાથે કામ કરવામાં સહકાર આપવાનું વચન આપ્યું અને તેમાં રસ બતાવ્યો. કેટલાંક ગામોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ગ્રામ સભાની માહિતી આપવા માટે અને તેમની જરૂરિયાતો રજૂ કરવા માટે ખાસ પ્રયાસો કરવામાં આવે છે કે જેથી પંચાયત તેમની વિશિષ્ટ જરૂરિયાતો સંતોષવા માટેનો પ્રયત્ન કરી શકે. ૬૫ ટકા વિસ્તારમાં મહિલાઓનાં જૂથો સમુદાયમાં

*સાબરકાંઠા જિલ્લામાં એક ગામમાં સરપંચ ઈચ્છતા હતા કે વિકલાંગ વ્યક્તિઓ પણ ગ્રામ સભામાં આવે. તેમણે સંશોધક ટુકડીને એ રજિસ્ટર બતાવ્યું કે જે ગ્રામ સભાની બેઠકમાં ઉપયોગમાં લેવાયું હતું. તે દરમ્યાન જે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ હાજરી આપી હતી તેમનાં નામ સામે તેમણે ખાસ નિશાની પણ કરી હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે તેઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ગ્રામ સભાની બેઠકો વિશે માહિતી આપવા માટે ખાસ વ્યક્તિગત રીતે સંદેશાઓ મોકલે છે. આ રીતે તેમણે સ્થાનિક વિકાસની પ્રક્રિયાના મુખ્ય પ્રવાહમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને લાવવાનો પ્રયાસ કર્યો છે.*

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતો અને તેમને નડતા અવરોધો અંગે જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં વધારે રસ ધરાવતાં હતાં. તેઓ તેમનાં કૌશલ્યો અને શક્તિઓને પ્રત્યે ધ્યાન પણ આપતાં હતાં. તેમને વિકલાંગતા ધારા-૧૯૯૫ વિશે જાગૃતિ ઊભી કરવાની જરૂરિયાત પણ અનુભવાઈ હતી.




આલેખ ૩.૪

યુવાનો, સહકારી મંડળીઓ, શાળાઓ અને સમુદાય-આધારિત સંગઠનો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતો પ્રત્યે અભિમુખ થયાં નથી. પરંતુ તેમણે તેમના ગામની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પ્રમાણપત્ર મળે તે માટેની ખાસ જવાબદારી ઉઠાવવાની તૈયારી બતાવી છે.

*સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ તાલુકામાં મેમદપુરામાં એક શાળાએ તેના સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિકલાંગ બાળકોને સહભાગી બનવા પ્રોત્સાહિત કર્યા હતાં. શિક્ષકોએ પણ તેમનાં બાળકોના એ દેખાવમાં ગૌરવ અનુભવ્યું હતું.*

જૂથમાં મુક્ત રીતે વાતચીત કરવા માટે પ્રોત્સાહન અપાયું હતું. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું અને સામાન્ય લોકોનું વર્તન જોવાયું. ૭૫ ટકા કિસ્સામાં કશી નિશ્ચિત બાબતો નહોતી. ૧૧ ટકા કિસ્સામાં સામાન્ય લોકો વિકલાંગો સામે હસતા હતા અને ૧૩ ટકા કિસ્સામાં તેમને તેમની કશી ચિંતા નહોતી.

કુટુંબના સભ્યોનું ખાસ કરીને વિકલાંગતા ધરાવતી મહિલાઓ સાથેનું વર્તન ખાસ ચિંતાજનક બાબત છે. વિશિષ્ટ જૂથ ચર્ચાઓ દરમ્યાન એમ જણાયું કે કેટલીક મહિલાઓને શારીરિક રીતે તે પીડાદાયક હોવા છતાં ઘરમાં અને બહાર કામ કરવાની ફરજ પાડવામાં આવે છે. ઘણી સ્ત્રીઓએ અમારા પ્રશ્નોના જવાબ આપ્યા નહિ કારણ કે તેમની સાસુઓ તે સમયે હાજર હતી. જો કે, કેટલીક વિકલાંગ મહિલાઓએ જણાવ્યું કે પરિવાર તેમની સારી કાળજી રાખે છે.


### ૩.૬.૧ કૌશલ્ય અને શક્તિની પિછાણ

એમ જણાયું છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં કૌશલ્યો અને શક્તિ વિશે સામાન્યતયા લોકોને ખાતરી હોતી નથી. તેઓ ભાગ્યે જ તેમની સાથે સંપર્કમાં આવતા હોય છે, એ તેનું કારણ છે.


સામાન્યતયા એમ માનવામાં આવે છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓમાં અમુક કામો કરવાની શક્તિ હોતી નથી. તેઓ મિત્રો અને/ અથવા પરિવારના સભ્યો જેવા સામાન્યજનો પર અનેક રીતે આધારિત હોય છે. સામાન્ય રીતે સ્થાનિક રીતે તેમને માટે 'બિચારા' શબ્દ વાપરવામાં આવતો હોય છે. તેમની ક્ષમતાઓ અને શક્તિઓ મોટા ભાગના કિસ્સામાં જાણી શકાતી નથી કારણ કે તેમને તે વિશે પૂછવામાં આવતું જ નથી. નીચે આકૃતિમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ ૭૫ ટકાએ એમ જણાવ્યું કે તેમને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની શક્તિઓ વિશે કોઈ ખાતરી નથી, ૨૨ ટકા લોકો તેમની શક્તિઓમાં અને કૌશલ્યોમાં વિશ્વાસ ધરાવે છે અને ત્રણ ટકા તેમનામાં તે શક્તિઓ હોય છે એવું માનતા નથી.

જો કે, અમને એવા કિસ્સા પણ જોવા મળ્યા કે જેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ તેમની શક્તિઓ પુરવાર કરી હોય. જો કે, હકીકત એ છે કે લોકો તેમને પિછાણતા હોતા નથી. આથી, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સફળ કહાણીઓનું દસ્તાવેજીકરણ કરવાની જરૂર છે કે જેથી તેમના અધિકારો માટેની હિમાયતમાં તેઓ સંદર્ભ તરીકે કામ લાગી શકે. તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ

**વિકલાંગ વ્યક્તિઓનાં કૌશલ્ય અને શક્તિમાં શ્રદ્ધા**




આલેખ ૩.૫ક




આલેખ ૩.૫ખ

*હરિભાઈ અને રમેશભાઈ (નામ બદલાયાં છે) દૃષ્ટિહીન છે. સાબરકાંઠા જિલ્લાના પેઢામલી ગામે હરિભાઈ દરજી છે અને રમેશભાઈ ખેડૂત છે. તેમનાં પરિવારો માટે તેઓ જ માત્ર પેટિયું રળનારા છે. હરિભાઈ છેલ્લાં ૧૫ વર્ષથી દૃષ્ટિહીન છે તેમ છતાં ખૂબ જ કુશળતાપૂર્વક તેમનો કૌટુંબિક વ્યવસાય ચલાવે છે. રમેશભાઈ પણ તેમનું કુટુંબ ચલાવે છે અને ક્યારેક તેમનાં પરિવારજનોને બજારમાં પણ લઈ જાય છે. જો તમને કહેવામાં ના આવે તો તમને ખબર પણ ના પડે કે તેઓ દૃષ્ટિહીન છે.*

અને સામાન્ય લોકો વચ્ચે વધુ સંપર્ક ઊભો કરવામાં પણ મદદરૂપ થશે.

**વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં કૌશલ્યો અને શક્તિઓમાં વિશ્વાસ**

બીજાઓનાં વલણો જેટલાં મહત્ત્વનાં છે તેટલાં જ તેમનાં પોતાનાં વલણો પણ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે મહત્ત્વનાં છે. કારણ કે તે પણ તેઓ બીજાઓ સાથે કેવો સંવાદ ધરાવશે તે નક્કી કરે છે. અમને એમ જણાયું છે કે માત્ર ૧૦ ટકા વિકલાંગો જ તેમની ક્ષમતાઓમાં વિશ્વાસ ધરાવતા નથી. ૫૨ ટકાને તેને વિશે ખાતરી નથી અને ૩૮ ટકા એમ માને છે કે તેમની પાસે જે કૌશલ્ય અને શક્તિઓ છે તેમનો ઉપયોગ તેઓ કરી શકે છે.

તેમની શક્તિઓમાં અને કૌશલ્યમાં વિશ્વાસ અને શક્તિનો ઉપયોગ કરવાની તક કે અવકાશ એ અન્ય લોકો સાથે સંવાદ ઊભો કરવામાં અને મુખ્ય પ્રવાહનો ભાગ બનાવવામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે મહત્ત્વનાં પરિબળો બને છે.

મોટા ભાગની પરિસ્થિતિમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે લોકો વિચિત્ર રીતે વર્તતા હોય છે. તેનું કારણ એ નથી હોતું કે તેઓ સંવેદનશીલ નથી હોતા, પણ તેનું કારણ એ હોય છે કે તેમની સાથે કેવી રીતે વાતચીત કરવી તેની તેમને ખબર હોતી નથી. આ અભ્યાસ અને ક્ષેત્રીય અવલોકનો એમ દર્શાવે છે કે લોકોને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે કામ કરવાનું તો ગમે છે પણ તે કેવી રીતે કરવું તેની બહુ ઓછાને ખબર પડેલી છે. તે એમ દર્શાવે છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ક્ષમતાઓ પર ધ્યાન ખેંચવા માટે અને તેઓ તેમની શક્તિઓનો પૂર્ણ ઉપયોગ કરી શકે તે માટે તેમને સમાન તકો પૂરી પાડવા માટે જાગૃતિ ઝુંબેશની જરૂર છે.

*ધોળકાના રામભાઈ (નામ બદલાયું છે) હલનચલનની અક્ષમતા ધરાવે છે. ડાંગરનાં ખેતરોમાં વાંદરાને ડરાવવા માટે ઉપયોગમાં લેવાતી ગોફણ માટેનાં દોરડાં તેઓ બનાવે છે. ગામમાં તેમના સિવાય બીજા કોઈ પાસે આ કુશળતા નથી. સ્થાનિક બજારોમાં આ વસ્તુની માંગ છે. તેઓ ગામના બજારમાં એ વેચે છે. સમુદાયના યુવાનોએ તેમને ઘોડી લાવી આપી. તેથી તેઓ હવે ગામની બહાર પણ વસ્તુઓ વેચી શકે છે અને વધારે કમાણી કરી શકે છે. તેમનામાં વિશ્વાસ જન્મ્યો અને ગામના અન્ય લોકોને પણ એ કુશળતા મેળવવાનું શિખવાડ્યું.*

# ૪. ભાવિ પગલાં

સહભાગી અભ્યાસ, વિકાસલક્ષી સંગઠનો સાથેની ભાગીદારીમાં હાથ ધરાયેલી ક્ષેત્રીય દરમ્યાનગીરીઓ, ક્ષેત્રીય અવલોકનો અને સંસ્થાઓ તથા અધિકર્તાઓ સાથેના સંવાદને આધારે આ ભાવિ પગલાં વિચારવામાં આવ્યાં છે.

**અધિકૃત માહિતી**

વિકલાંગતાની વ્યાખ્યા અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ઓળખ એ મોટી ચિંતાનો પ્રશ્ન છે. વસ્તી ગણતરીમાં વિકલાંગતાનો સમાવેશ અપવાદરૂપે નહિ પણ નિયમરૂપે થવો જોઈએ. વસ્તી ગણતરી વખતે માહિતી એકત્ર કરતાં પહેલાં તે એકત્ર કરવાના હેતુ વિશે વ્યાપક સજાગતા ઝુંબેશ હાથ ધરાવી જરૂરી છે. માહિતી એકત્ર કરતી વખતે વલણલક્ષી અવરોધો ના રહે તે માટે અધિકારીઓને તાલીમ અપાય તો અધિકૃત માહિતીના અભાવે ઊભી થતી સમસ્યાઓ દૂર થઈ શકે.

**ઓળખ અને પ્રતિરોધ**

વિકલાંગતાની વહેલી ઓળખ મહત્ત્વની છે કે જેથી સમયસર દરમ્યાનગીરી કરી શકાય. ડૉક્ટરો અને પેરા-મેડિકલ્સને રોકી શકાય તેવી વિકલાંગતાઓના બનાવ ઘટાડવા માટે લક્ષણોની વહેલી ઓળખ માટે તાલીમ આપવી જોઈએ. આઈસીડીએસ વિકલાંગતાની વહેલી ઓળખ અને સમયસરની દરમ્યાનગીરીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. ગ્રામ વિસ્તારોમાં વિકલાંગતાલક્ષી સેવાઓને વિસ્તારવાની જરૂર છે કે જેથી આરંભના તબક્કામાં વ્યવસાયી દરમ્યાનગીરી થઈ શકે કે જેથી વિકલાંગતાના પ્રમાણમાં પણ ઘટાડો થઈ શકે. વિકલાંગતાનાં સંભવિત કારણો અને તેની ચિકિત્સા સંબંધી જાગૃતિ ઊભી કરવાનું મહત્ત્વનું છે કે જેથી વિકલાંગતા દૂર થઈ શકે અથવા તેની અસર ઘટાડી શકાય. વિકલાંગતા આવતી અટકાવવા વિશેની જાગૃતિ માહિતી શિક્ષણ અને સંચાર દ્વારા ઊભી કરી શકાય, કે જેથી રોકી શકાય તેવી વિકલાંગતા ધરાવનારા લોકોની સંખ્યા આપણે ઘટાડી શકીએ.

**સેવાઓની પ્રાપ્તિ**

રેફરલ સેવાઓ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને પુનર્વસન ક્ષેત્રે કામ કરનારી અન્ય સંસ્થાઓ વચ્ચે સંપર્ક અને સંકલન ઊભું થાય તો પાયાની અને વિશિષ્ટ સેવાઓ તેમને વધારે મળી શકે. રેફરલ સેવાઓ વિશેની માહિતીનું દસ્તાવેજીકરણ થવું જોઈએ અને સ્થાનિક સ્તરે તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પ્રાપ્ય હોવી જોઈએ.

સમાજ સુરક્ષા અધિકારી (એસડીઓ) અથવા જે જિલ્લામાં તે છે ત્યાં જિલ્લા વિકલાંગતા પુનર્વસન કેન્દ્ર (ડીડીઆરસી)એ જિલ્લા અને ગામ સ્તરે અગત્યની સેવાઓ માટે સંકલન કરવા અને સેવાઓ પૂરી પાડવા માટે મુખ્ય સંસ્થા તરીકે કામ કરવું જોઈએ. તે જુદી જુદી સંસ્થાઓ વચ્ચે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ઓળખપત્રો પૂરાં પાડવાની પ્રક્રિયા માટે અને તેમને સેવાઓ અને યોજનાઓ સરળ રીતે પ્રાપ્ત થાય તે માટે સંપર્ક ઊભો કરવામાં સક્રિય ભૂમિકા આપમેળે ભજવી શકે છે.

સ્થાનિક સ્તરે શિબિરો ગોઠવીને પ્રમાણપત્રો આપવાની પદ્ધતિ સરળ બનાવવી જોઈએ. આ શિબિરો વિશેની માહિતીનો વધુ વ્યાપકપણે ફેલાવો થવો જોઈએ કે જેથી જે વ્યક્તિઓ સંસ્થાઓ સાથે સંકળાયેલી નથી તે પણ આ સેવાઓનો ઉપયોગ કરી શકે.

**આરોગ્ય સેવાઓની પ્રાપ્તિ**

ગામ સ્તરે યોગ્ય આરોગ્ય સંભાળ વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે. વર્તમાન વ્યવસ્થાને પણ તેને વધુ અસરકારક બનાવવા માટે સુધારી શકાય. ખાસ કરીને બાળ જન્મ પૂર્વે અને પછીની આરોગ્ય સંભાળને મજબૂત કરવાની જરૂર છે કે જેથી વિકલાંગતા ઊભી થવાનું પ્રમાણ ઘટે. આરોગ્ય સંભાળનાં વિવિધ સ્તરો વચ્ચેનો સંબંધ પણ અટકાવી શકાય તેવી વિકલાંગતાનું પ્રમાણ ઘટાડવામાં ઉપયોગી થઈ શકે.

**શિક્ષણની પ્રાપ્તિ**

શારીરિક કે માનસિક વિકલાંગતા ધરાવતાં બાળકો સહિત તમામ બાળકોને દાખલ કરવા માટે શાળાઓને ટેકો આપવો જોઈએ અને તેમને પ્રોત્સાહન આપવું જોઈએ. વ્યાપકપણે સંકલિત શિક્ષણ કાર્યક્રમ ફેલાવો જોઈએ. માત્ર ખાસ શિક્ષકો જ નહિ, પણ તમામ શિક્ષકોને વિકલાંગ બાળકો સાથે કામ કરવાની તાલીમ આપવી જોઈએ. વિકલાંગ બાળકો માટે જે અભિગમો અપનાવવામાં આવે છે તેમાંના મોટા ભાગનાનો ઉપયોગ સામાન્ય બાળકો સાથે ખૂબ જ અસરકારક રીતે કરી શકાય છે. તેમના અભ્યાસક્રમમાં આવી તાલીમનો સમાવેશ કરવાથી વિકલાંગ બાળકોને ટેકો આપવામાં શિક્ષકોને મદદ મળશે કે જેથી તેઓ તેમની શક્તિઓનો સંપૂર્ણપણે ઉપયોગ કરી શકે અને તેમના સમાવેશને પ્રોત્સાહન મળે.

**રોજગારની પ્રાપ્તિ**

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમના રસના વિષયોમાં અને બજારની માંગ અનુસાર કૌશલ્ય પ્રાપ્ત થવું જોઈએ. માંગ અનુસાર વ્યવસાયી તાલીમ પૂરી પાડવાની જરૂર છે. સરકારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ૧૪૦૦ નોકરીઓ નક્કી કરી છે. આ યાદીને વિસ્તારવાની જરૂર છે. અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે તે અંગે વિચાર-વિમર્શ થવો જોઈએ. હાલ રોજગારીની પ્રાપ્ય તકો સાથે તાલીમ જોડાયેલી નથી. તાલીમનાં નવાં ક્ષેત્રો ઓળખી કાઢવાની જરૂર છે કે જે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કાયમી ધોરણે જીવનનિર્વાહ પૂરો પાડે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને એ જ વિસ્તારમાં સમુદાય-આધારિત પુનર્વસનના પ્રવર્તમાન કાર્યક્રમોની સાથે જોડવાથી સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરવાની તાલીમ પૂરી પાડી શકાય અને સ્થાનિક સંદર્ભ પણ તેમાં ધ્યાનમાં રાખી શકાય.



હાલ સી અને ડી વર્ગમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે નોકરીઓ અનામત રખાઈ છે. તમામ સ્તરે એ અનામત રાખવાની જરૂર છે. જાહેર ક્ષેત્રમાં ૩ ટકા અનામત રખાઈ છે. આ માહિતી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને નોકરીદાતાઓને પૂરી પાડવાની જરૂર છે.




વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નોકરીએ રાખવા માટે ખાનગી ક્ષેત્રના માલિકોને પ્રોત્સાહનો પૂરાં પાડવાની જરૂર છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની રોજગારી માટે એક નીતિ વિષયક મુસદ્દો ઘડવામાં આવ્યો છે. એમાં આગળ વધવાની અને તેને પ્રોત્સાહન આપવાની જરૂર છે. સમુદાય-આધારિત પુનર્વસનના કાર્યક્રમમાં સ્થાનિક વિસ્તારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ઓળખવામાં આવે છે અને એમની યાદી બનાવવામાં આવે છે. તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને વિવિધ સ્તરના માલિકો વચ્ચેની સંભવિત કડી બની શકે.

**માહિતીની પ્રાપ્તિ**

વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારા-૧૯૯૫ વિશે ખૂબ જ ઓછી જાગૃતિ પ્રવર્તે છે. તે વિકલાંગોના અધિકારો માટેની પ્રથમ કાનૂની જોગવાઈ છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ જાગૃતિના અભાવે સરકારી યોજનાઓનો લાભ મેળવી શકતી નથી. સરળ માળખામાં અને જાગૃતિ ઝુંબેશ દ્વારા તેમને વિશેની માહિતીનો પ્રચાર થવો જોઈએ. તેની સાથે બ્રેઈલ, ઓડિયો, મોટી પ્રિન્ટ વગેરે જેવાં વપરાશમિત્ર સ્વરૂપોમાં પણ તે પ્રાપ્ય બનવી જોઈએ.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પ્રાપ્ય સેવાઓની માહિતી પંચાયત, તાલુકા અને જિલ્લા સ્તરે વિકેન્દ્રિત ઢબે હોવી જોઈએ અને ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવા માટે તેનો ફેલાવો થવો જોઈએ.

વિધાયક છાપ ધરાવતી કહાણીઓનું દસ્તાવેજીકરણ કરી શકાય અને બહોળો પ્રસાર કરી શકાય. સમાજમાં જે નકારાત્મક વલણ છે તે મોટે ભાગે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં ક્ષમતાઓ અને શક્તિઓ વિશેનાં અજ્ઞાન અને તેમને વિશેની મર્યાદિત સમજને કારણે છે. વિધાયક કહાણીઓ સમુદાયનાં વર્તન અને વલણમાં ફેરફાર લાવવામાં મદદ કરી શકે. ટેકારૂપ પર્યાવરણ અને જાહેર સ્વીકાર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમની શક્તિઓનો ઉપયોગ કરવામાં અને સમુદાય સાથે સંપૂર્ણપણે ભળી જવામાં મદદરૂપ થઈ શકે.

**નાગરિક સમાજની ભૂમિકા**


વિકલાંગોનું પુનર્વસન કરનારી મોટા ભાગની સંસ્થાઓ શહેરી વિસ્તારોમાં છે જ્યારે મોટા ભાગના વિકલાંગો ગ્રામ વિસ્તારોમાં છે. વળી, મોટા ભાગના વિકલાંગોને વિશિષ્ટ કે સંસ્થાગત સંભાળની જરૂર નથી. ગામ સ્તરની સ્થાનિક સંસ્થાઓ કે સંગઠનો ઉપરાંત વિકાસલક્ષી સંગઠનો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે સારો સંપર્ક ધરાવવાની સ્થિતિમાં છે અને તેઓ તેમની ચાલુ વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં તેમનો સમાવેશ કરી શકે છે.

જો કે, તાજેતરમાં જ વિકલાંગતાને એક વિકાસલક્ષી પ્રશ્ન ગણવામાં આવ્યો છે. પરંતુ મોટા ભાગનાં વિકાસલક્ષી સંગઠનો વિકલાંગોની વિકાસલક્ષી જરૂરિયાતો ઉપર તેમના કાર્યક્રમોમાં ધ્યાન કેન્દ્રિત કરતા નથી. આ પરિયોજનામાં અમારો અનુભવ એમ સૂચવે છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના પ્રશ્નો વિશે આ સંગઠનોને અભિમુખ કરવાથી અને તમામ વિકાસલક્ષી કાર્યોમાં એક અગત્યના પ્રશ્ન તરીકે વિકલાંગતાને હાથ ધરવા માટે સંવાદ સાધવાના સુગ્રથિત પ્રયાસોથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશ માટે સભાન પ્રયાસો થયા છે.


આવી પ્રવૃત્તિઓને દ્રઢીભૂત કરવા અને વધારે વ્યાપક બનાવવા માટે એ અગત્યનું છે કે સામાજિક કાર્યકરો માટે વિદ્યાકીય અભ્યાસક્રમો અને વિકાસના પ્રશ્નો વિશે દૃષ્ટિકોણ નિર્માણના કાર્યક્રમો વિકલાંગતાને એક અગત્યના મુદ્દા તરીકે સામેલ કરે અને મુખ્ય પ્રવાહમાં વિકલાંગોના સમાવેશ માટેની વિકાસલક્ષી સંગઠનોની ભૂમિકાને પ્રકાશમાં લાવે.

વિદ્વાનો સાથેના સંપર્કો વિકસાવવા જોઈએ કે જેથી વ્યવસાયલક્ષી કાર્યક્રમોમાં વિકલાંગતાના પ્રશ્નનો સમાવેશ એક અગત્યના મુદ્દા તરીકે થાય.

વિકાસલક્ષી સંગઠનો માત્ર તેમના કામમાં જ સીધી રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ન સામેલ કરે, પરંતુ તેઓ મુખ્ય પ્રવાહમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ થાય તે માટે નાગરિક સમાજના વિવિધ હિતધારકો સાથે ભાગીદારી પણ ઊભી કરે. દા.ત. સ્થપતિઓ, ડિઝાઈનરો અને આયોજકો સાથે સતત સંપર્ક જાળવવામાં આવે તો અવરોધમુક્ત વાતાવરણ ઊભું કરી શકાય, ચૂંટાયેલા સ્થાનિક પ્રતિનિધિઓ કે સંસ્થાઓ સ્થાનિક વિકાસની કાર્યસૂચિમાં વિકલાંગોના પ્રશ્નોનો સમાવેશ કરી શકે. આ પણ એટલું જ મહત્ત્વનું છે કે વિકાસલક્ષી સંગઠનો અને પુનર્વસન માટેની સંસ્થાઓ તેમના પ્રયાસોમાં પરસ્પર પૂરક બને તે માટે પરસ્પર સંપર્ક સાધે.



## અવરોધોનું નિવારણ



શાળાઓ, હૉસ્પિટલો, સરકારી કચેરીઓ, બગીચાઓ, મંદિરો વગેરે જેવાં જાહેર મકાનોમાં બાંધકામલક્ષી અનેક અવરોધો હોય છે. અવરોધમુક્ત પર્યાવરણ કેવી રીતે ઊભું કરી શકાય તે માટે માર્ગરેખાઓ અને માહિતી છે તેમ છતાં ડિઝાઈનરો અને સ્થપતિઓ તથા બાંધકામ, પરિવહન અને જાહેર જગ્યાઓના વપરાશકારો વચ્ચે સંવાદ ઊભો કરવા માટેના મંચની આપણે જરૂર છે. વિકલાંગોના પ્રશ્ને કામ કરનારાં સંગઠનો આવા મંચ ઊભા કરવામાં મદદ કરી શકે કે જેથી યોજનાઓ જરૂરિયાત-આધારિત બને. ગુજરાત સરકાર આ સંદર્ભમાં સક્રિય છે અને તેણે ઠરાવ નં. પીઆરસીએચ/ ૧૦૨૦૦૦/ ૧૧૮૪/૬ તા. ૨૨ જુન, ૨૦૦૪ના રોજ કરીને તમામ જાહેર મકાનોમાં અવરોધો ના હોય તેવી વ્યવસ્થા કરવાનું ફરજિયાત કર્યું છે. સરકારે તેનો અમલ કરવાની જરૂર છે અને નાગરિક સમાજે તથા ખાસ કરીને સ્થપતિઓ અને બીલ્ડરોનાં મંડળોએ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ અને વિકાસલક્ષી સંગઠનોએ તેને ટેકો આપવાની જરૂર છે.

અસ્થિસંધાન વિભાગ, સમાજ સુરક્ષા અધિકારી અને વિકલાંગતાના પ્રશ્ને કામ કરનારી અન્ય સંસ્થાઓને પહોંચક્ષમ બનાવવી જોઈએ.





### સ્ત્રી-પુરુષ ભેદભાવ અને વિકલાંગતા

વિકલાંગતા ધરાવતી મહિલાઓની વિશિષ્ટ જરૂરિયાતો પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે કે જ્યારે આ અંગેની નીતિ ઘડાતી હોય. ગુજરાત રાજ્ય સ્ત્રી-પુરુષ સમાનતા નીતિ પણ સ્ત્રી-પુરુષ ભેદભાવ અને વિકલાંગતા વિશે એક વિભાગ ધરાવી શકે. તમામ સરકારી કાર્યક્રમોમાં સ્ત્રી-પુરુષ ભેદભાવનો મુદ્દો તો હોય જ. જ્યાં અનામતો હોય ત્યાં પંચાયતો અને સંસ્થાઓના બોર્ડમાં વિકલાંગતા ધરાવતી મહિલાઓનો સમાવેશ કરવાના પ્રયાસો કરાવા જોઈએ.

### વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું નેટવર્ક

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું નેટવર્ક વિકસાવવાની અને વિસ્તારવાની જરૂર છે. તેમની હિમાયતની કુશળતાઓ સુધારવા માટે ટેકો આપવાની જરૂર છે કે જેથી તેઓ પોતે એકત્ર થઈ શકે અને વિવિધ મંચોમાં તેમની જરૂરિયાતો વિશેનાં મંતવ્યોની આપલે કરી શકે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને અન્ય તમામ હિતધારકો વચ્ચે સંવાદની તકો વધારવામાં આવે તો તે ચોક્કસપણે તેમના અધિકારોના અમલમાં રહેતી ખાઈઓ પૂરવામાં મદદરૂપ થશે.

# સંદર્ભો


1. A. Gangatharan (2001), Barriers at Every Step for Physically Challenged, Labour File, October-November 2001.
2. Action Aid Disability News, August 2002, Chapter 3, Page 10.
3. Action Aid, India (2003), Just People ...Nothing Special, Nothing Unusual.
4. Ajit Dalal, Namita Pande, Nisha Dhawan, Deepa Dwijendra and John W. Berry (2000), The Mind Matters: Disability Attitudes and Community Based Rehabilitation, Centre of Advanced Study, Department of Psychology, University of Allahabad, India
5. American Disability Act 1991, www.disabilityinfo.org.
6. Ann Darnbrough (2003), Disabled Women in Society: A Personal Overview, in Asha Hans and Annie Patri (eds.), Women, Disability and Identity, Page 149, Sage Publication.
7. Bhambani Meenu (2003), Societal Responses to Women with Disabilities in India, in Asha Hans and Annie Patri (eds.), Women, Disability and Identity, Pages 77-78, Sage Publication.
8. E. Helander (1982); Prejudice and Dignity: An Introduction to Community based Rehabilitation, UNDP.
9. Foundation for Research in Health Systems, Health Monitor, various issues.
10. Javed Abidi (2004), This Country has to Change in David Bornstein (ed.), How to Change the World, Chapter 17, Pages 210-216 and 222, Oxford University Press, New York.
11. Madhumita Puri and Rama Chari (2001), Disability to be included in Census 2001 in Equity, Vol. 3, Issue 4, January 2001.
12. Meenakshi Thappan (2003) Marriage, Well-being and Agency Among Women, Gender and Development, Volume 11, No. 2, Page 77, Oxfam.
13. Menaka Gandhi (2000), Face to Face, Health for the Millions, Nov-Dec 2000 issue, Pages. 4-7.
14. Mike Oliver (2005), Re-defining disability: A challenge to research in John Swain, Vic Finkelstein, Sally French and Mike Oliver (eds.), Disabling Barriers – Enabling Environments, Sage Publications.
15. Ministry of Law, Justice and Company Affairs, New Delhi (1996), The Persons with Disabilities (Equal Opportunities, Protection of Rights and Full Participation) Act, 1995, The Gazette of India,Extraordinary, Part II, Section 1, January 1, 1996.
16. NCPEDP; Bare Facts, www.ncpedp.org.
17. Oliver Barnes (2005), Discrimination, Disability and Welfare: from Needs to Rights in John Swain, Vic Finkelstein, Sally French and Mike Oliver (eds.), Disabling Barriers – Enabling Environments, Sage Publications.
18. Peter Colderidge (1993), Disability, Liberation and Environment, Oxfam.
19. Pritha Sen, et. al (1998), Trying to Grow in Outlook, 22 June 1998.
20. Prof. S. Balaram (1999), Barrier Free Architechure in IA&B, Nov. 1999.
21. Rama Chari (2001), The Census 2001 and Disability, Health for the Millions, November-December, 2001, Page 8.
22. Sheila Dhir (1999), Why Are You Afraid to Hold My Hand, Tulika.
23. Sindhu Menon (2001), Jobs are there but out of reach, Labour File, October-November 2001.
24. UNNATI, (1999), The State of Our Primary Health Centres, Chapter III, Page 8.

આ પુસ્તિકા હૅન્ડિકેપ ઈન્ટરનેશનલ તથા ઉન્નતિ-વિકાસ શિક્ષણ સંગઠન દ્વારા સંયુક્તપણે પ્રકાશિત કરવામાં આવી છે.

**ઉન્નતિ-વિકાસ શિક્ષણ સંગઠન** તે એક સ્વૈચ્છિક બિન-નફાકારક સંગઠન છે. ૧૯૯૦માં તેની નોંધણી સોસાયટીઝ રજિસ્ટ્રેશન ઍક્ટ-૧૮૬૦ હેઠળ કરવામાં આવી હતી. હાલ અમે ગુજરાત અને રાજસ્થાનમાં વિકાસલક્ષી પ્રયાસોને વ્યૂહાત્મક સમસ્યા આધારિત સમર્થન પૂરું પાડી રહ્યા છીએ. તેનો મુખ્ય હેતુ સામાજિક સમાવેશ અને લોકશાહી શાસનને પ્રોત્સાહન આપવાનો છે કે જેથી આપણા સમાજના વંચિત વર્ગો મુખ્ય પ્રવાહના વિકાસ અને નિર્ણય પ્રક્રિયામાં અસરકારક રીતે ભાગીદાર થવા સક્ષમ બને.

ઉપરોક્ત હેતુ સહભાગી સંશોધન, લોકશિક્ષણ, હિમાયત, પ્રત્યક્ષ ક્ષેત્રીય સ્તરનું કાર્ય અને અનેક હિતધારકો સાથે અમલ દ્વારા પાર પાડવામાં આવે છે. નાગરિકોને પાયાના અધિકારો પ્રાપ્ત થાય તે માટે નીતિ વિષયક પરિવર્તન લાવવા તે સ્થાનિક સ્તરે કામ કરે છે અને તેની સાથે વંચિત વર્ગોની લડત અને સહભાગીઓની તાકાતમાંથી પ્રેરણા પ્રાપ્ત કરે છે.

**હૅન્ડિકેપ ઈન્ટરનેશનલ (એચઆઈ)** તે એક આંતરરાષ્ટ્રીય બિન-સરકારી સંગઠન છે અને તે ભારતમાં ૧૯૮૮થી કાર્યરત છે. હૅન્ડિકેપ ઇન્ટરનેશનલ ભારતમાં વિકલાંગતા ધરાવતી તેમ જ અન્ય અસહાય વ્યક્તિઓ માટે સમાવેશ, અવરોધમુક્ત તથા અધિકાર આધારિત સમાજના નિર્માણ માટેની કાર્ય પ્રવૃત્તિઓનું સમર્થન કરે છે.

એચઆઈ વિકલાંગતાની પરિસ્થિતિની પાછળ રહેલા કારણ, પ્રકાર તથા વાતાવરણને ધ્યાનમાં લીધા સિવાય; સમાવેશક સમાજની દૃષ્ટિથી કામ કરતા હોય તેવા લોકો*, સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય સંગઠનો તેમ જ સરકારો સાથે કામ કરે છે કે જેમાં, અસહાય વ્યક્તિની જિંદગીને કેવી રીતે વધારે સુખકારી, આરામદાયક કે સલામતીભરી બનાવી શકાય, લોકોને સમાન અધિકારો તથા તકો મળી શકે તેમ જ તેઓ કેવી રીતે તેમની જિંદગી સ્વમાનપૂર્વક જીવી શકે તથા આનંદ તેમ જ સંતોષની લાગણીનો અનુભવ કરી શકે, તે માટેની દૃષ્ટિથી માહિતગાર કરે છે.

*લોકો એટલે, નાત, જાત કે ધર્મના ભેદભાવ સિવાય વિકલાંગ વ્યક્તિઓ તથા અન્ય સંભવિત જોખમની પરિસ્થિતિમાં રહેતી વ્યક્તિઓ, તેમનાં કુટુંબો તથા તેમના સમાજનો જેમાં સમાવેશ થાય છે તેવા લોકો.

ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંગઠન
જી-૧/૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન: ૦૭૯-૨૬૭૩૩૨૯૬, ૨૬૭૪૬૧૪૫
ઈ-મેઈલ: unnatiad1@sancharnet.in

HANDICAP INTERNATIONAL

હેન્ડિકેપ ઈન્ટરનેશનલ
૧, પંચજ્યોત સોસાયટી, હસમુખ કોલોની ચાર રસ્તા,
વિજયનગર પેટ્રોલ પંપ પાસે, નારણપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોન: ૦૭૯-૫૫૪૨૫૬૪૬
ઈ-મેઈલ: prg@hi-india.org